२३६५८

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ભર્તૃહરિકૃત

વૈરાગ્યશતક



६१ग/१२

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ પુસ્તકોની સાહસભરી નવી યોજના

સર્વોપયોગી સાહિત્યશ્રેણી

પ્રૌઢશિક્ષણ માટે ઉપયોગી થાય તેવાં અને ઓછું ભણેલાઓ પણ રસપૂર્વક વાંચી–સમજી શકે એવાં પુસ્તકોની યોજનાનાં નીચે પ્રમાણે ૧૮ પુસ્તકો બહાર પડી ગયાં છે.

તમે એ પુસ્તકો વસાવ્યાં ન હોય, તો આજે જ વસાવી લેવા ભલામણ છે.

- દરેક પુસ્તકની છૂટક કિંમત દસ આના છે.
- અઢારે પુસ્તકો સામટાં લેનારને, તે રૂા. ૧૧–૪ ને બદલે **માત્ર રૂા. ૧૦)માં** મળશે.
- ટપાલરસ્તે મંગાવનારે ટપાલખર્ચનો રૂા. ૧–૮ વધુ એટલે કુલ રૂા. ૧૧–૮ મોકલવા.

૧. **પ્રકાશનાં પગલાં :** (સચિત્ર) લેખક : કરસનદાસ માણેક
★ જગતના ભિન્નભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ

૨. **શાખની ઢગલી :** (સચિત્ર) લેખક : 'સૌજન્ય'
★ વાર્તાના સ્વરૂપમાં સંસારની સળગતી સમસ્યાઓ

૩. **હાસ્યતરંગ :** (સચિત્ર) લેખક : જ્યોતીન્દ્ર હ૦ દવે
★ જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષ-લેખો

૪. **જીવનની કલા :** લેખક : રવિશંકર મહેતા
★ જીવનની સફળતા માટેનું વ્યવહારુ માર્ગદર્શન

૫. **જગતમાં જાણવા જેવું :** (સચિત્ર) લેખક : છોટાલાલ માનસિંગ કામદાર ★ જગતની અદ્ભુતતા અને ઉપયોગિતાનો સરળ પરિચય

૬. **જીવનપરિવર્તન :** (સચિત્ર) લેખક : સોપાન
★ જીવનપલટાની એક કરુણ–મંગલ સળંગ વાર્તા

[અનુસંધાન માટે જુઓ ટાઇટલ પાન ૩જું]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

શ્રી ભર્તૃહરિકૃત

વૈરાગ્યશતક

(મૂળ સહિત સરળ ગુજરાતી ભાષાંતર)

स्टाक प्रमाणीकरण ११८४-११८[illegible]

અનુવાદક :

શ્રી. શાંતિલાલ ઠાકર એમ. એ.

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠેઃ ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

ચાર આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्
पुस्तक संख्या 6९ग
पञ्जिका-संख्या २२६५८

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

(સર્વ હક્ક પ્રકાશક સંસ્થાને સ્વાધીન છે.)

મુદ્રક અને પ્રકાશક :
ત્રિભુવનદાસ ક. ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
ઠે. રાયખડ : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CHECKED 1973
Initial
गुरुकुल कांगड़ी पुस्तकालय
२३८४४

આમુખ

'અખંડ આનંદ' માસિકના ચાલુ વર્ષના બીજા અંકમાં ભર્તૃહરિકૃત 'નીતિશતક' ગુજરાતી ભાષાંતર સાથે છપાયું હતું; તેને છૂટી પુસ્તિકારૂપે પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

એ જ રીતે આ જ માસિકના ચોથા અંકમાં પ્રસિદ્ધ થયેલા, સરળ ગુજરાતી ભાષાંતર સાથેના 'વૈરાગ્યશતક'ની પુસ્તકરૂપમાં આ આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં અમને ઘણો આનંદ થાય છે.

ભર્તૃહરિના સંબંધમાં અનેક દંતકથાઓ પ્રચલિત છે. ઇતિહાસકારોએ કરેલી શોધ મુજબ ભર્તૃહરિની પત્નીનું સાચું નામ 'પિંગળા' નહિ પણ 'ભાનુમતી' હતું. ભર્તૃહરિનિર્વેદમાં લખ્યું છે, કે એકવાર મહારાજા ભર્તૃહરિ મહારાણી ભાનુમતી સાથે મહેલના ત્રીજા માળે ઝરૂખામાં બેઠા હતા, તે વખતે રસ્તા ઉપરથી વાજિંત્ર વગેરે ધામધૂમ સાથે કાંઈક પસાર થતું હતું. ભર્તૃહરિ મહારાજે પાસેના એક હજૂરિયાને આ શું નીચેથી પસાર થાય છે તે જાણી લાવવાનું કહ્યું. હજૂરિયાએ તપાસ કરી આવીને કહ્યું, કે આ તો એક બાઈ પોતાના મૃત્યુ પામેલ પતિની સાથે સતી થવા જાય છે, તેની ધામધૂમ છે. મહારાજાએ હર્ષના ઉદ્ગારથી કહ્યું: 'એમ? ત્યારે મારા રાજ્યમાં પણ આવી સતીઓ છે ખરી!' આ સાંભળી મહારાણી ભાનુમતીએ કહ્યું: 'આ બાઈ કંઈ સતી ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાય, એ તો શૂરી છે.' એટલે ભર્તૃહરિએ પૂછ્યું કે 'સતી કોને કહેવાય અને શૂરી કોને કહેવાય?'

ત્યારે ભાનુમતીએ જણાવ્યું કે પોતાના પતિને મૃત્યુ પામેલા જોઈને અથવા પતિના મૃત્યુના સમાચાર સાંભળતાં જે સ્ત્રીના આપમેળે પ્રાણ નીકળી જાય તે સતી કહેવાય. શૂરી એટલે જેમ શૂરવીર મનને કઠોર કરીને રણસંગ્રામમાં પ્રાણ આપે છે, તેમ પોતાના પતિના મૃત્યુ પાછળ શબને અગ્નિકુંડમાં નાખીને પોતે પણ મન કઠોર કરીને સાથે અગ્નિકુંડમાં પડે તે શૂરી કહેવાય.

આ સાંભળી ભર્તૃહરિ મહારાજ કંઈ બોલ્યા નહિ; પરંતુ તેમણે મનમાં ગાંઠ વાળી કે મારે આનું સતીપણું જોવું. ચારછ મહિના વીત્યા પછી ભાનુમતીને કહ્યું: 'હું આજે શિકારે જવાનો છું.' એમ કહીને રાજધાનીથી તેઓ પચીસત્રીશ કોશ ચાલ્યા ગયા. ત્યાંથી બે માણસને રાજધાનીમાં જઈ મહારાણી ભાનુમતીને પોતાના મૃત્યુના સમાચાર આપવાનું કહ્યું: તે માણસો મહારાણી ભાનુમતી પાસે જઈ અત્યંત ખેદપૂર્વક, આંખમાં આંસુ લાવીને ઊભા રહ્યા. મહારાણીએ પૂછ્યું: 'આટલી બધી દિલગીરી કેમ બતાવો છો? શી હકીકત છે?' એક માણસે કહ્યું: 'શું કહું માતુશ્રી? અમારાથી બોલી શકાતું નથી.' ત્યારે મહારાણીએ ફરી પૂછ્યું: 'શી હકીકત છે?' માણસે કહ્યું: 'માતુશ્રી! મહારાજાએ વાઘ ઉપર બંધૂક છોડી, પરંતુ ગોળી બરાબર વાગી નહિ અને વાઘે એકદમ આવી તેમને પકડીને મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ્યા.' આ સાંભળી મહારાણી ભાનુમતીના પ્રાણ 'હા ! મહારાજ ગુજરી ગયા.' એમ નિશ્વાસ નાખતાંની સાથે જ નીકળી ગયા.

મહારાજાના કુટુંબીઓએ ભેગા થઈને મહારાણીનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યાર પછી મહારાજા પોતાના શહેરમાં શિકારેથી પાછા ફરતા હતા, ત્યારે તેમણે દૂરથી રાજમહેલ ઉપર કાળો વાવટો જોઈને સાથેના માણસોને પૂછ્યું, કે 'રાજકુટુંબમાંથી કોણ ગુજરી ગયું છે ?' માણસે પ્રત્યુત્તરમાં કહ્યું: 'આપે પરીક્ષા લેવા જતાં આ પરિણામ આવ્યું છે.' અને બધી હકીકત કહી. આ સાંભળી મહારાજા ગામમાં નહિ જતાં સીધા સ્મશાનમાં જ ગયા. અને તે ચિતાની રાખમાં આળોટતાં, 'હે ભાનુમતી ! હે ભાનુમતી ! તું સતી હતી, તું સત્ય બોલતી હતી, તું ઘણી સુશીલ હતી, તું અત્યંત મારી આજ્ઞામાં રહેતી હતી.' વગેરે ગુણ ગાઈગાઈને અતિ રુદન કરવા લાગ્યા. કંઈ ખાય નહિ અને પીએ નહિ. આમ પાંચસાત દિવસ થઈ ગયા. લોકોએ જોયું કે હવે મહારાજા આમ કરતાંકરતાં તો મરી જશે, તેથી તેઓ કાંઈ ઉપાય શોધવા માટે મહારાજાના ગુરુ ગોરખનાથ પાસે ગયા અને બધી હકીકત તેમને કહી સંભળાવી.

પછી ગોરખનાથ હાથમાં હાંડલી લઈને બીજો વેશ ધારણ કરી સ્મશાનમાં ગયા. ત્યાં મહારાજાથી થોડેક છેટે હાંડલીને તેમણે હાથમાંથી પડતી મૂકી એટલે તે ફૂટી ગઈ. પછી ગોરખનાથ એકદમ બેસી ગયા અને ધ્રૂસકા નાખીને ચીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડવા લાગ્યા: 'એ મારી હાંડી તું આમ ફૂટી ગઈ?' આમ કહી રુદન કરવા લાગ્યા. ભર્તૃહરિ દૃષ્ટિ ઊંચી કરી મનમાં કહેવા લાગ્યા, કે 'આ વળી મારા કરતાં વધારે દુ:ખિયો કોણ રુએ છે?' પછી તે હાંડલીવાળાને કહેવા લાગ્યા, કે 'તમે આ હાંડલી માટે આટલા બધા દિલગીર કેમ થાવ છો? હું તમને સોનાની હાંડલી આપું.' યોગી કહે: 'એ સોનાની હાંડલી મારે શા કામની? આ મારી હાંડલી કેવી હતી તે તું શું જાણે? સાંભળ:

करीषानुच्चेतुं दहनमुपनेतुं मुहुरपः
समाहर्तुं भिक्षामटितुमथ तां रक्षितुमपि ।
पिधातुं पक्तुं चाशितुमपि च पातुं पुनरथो-
पधातुं नः पात्री चिरमहह! चिन्तामणिरभूत् ॥

જંગલમાંથી અડાયાં વીણી લાવવા માટે, દેવતા લઈ આવવા માટે, વારંવાર પાણી ભરી લાવવા માટે, ભિક્ષા માગી લાવવા માટે, માગી લાવેલી ભિક્ષા રાખવા માટે. વળી ઢાંકવા માટે, કોઈ વખતે રાંધવા માટે, જમવા માટે, પાણી પીવા માટે, અરેરે! એ હાંડલીના કેટલા ગુણ વર્ણવું! સૂવા ટાણે ઓશીકા તરીકે પણ ઉપયોગમાં લેવા માટે આ મારી હાંડલી એક ચિંતામણિ જેવી મારા સર્વસ્વરૂપ હતી. હાય રે! આ હાંડલીના કટકા ભેગા કરી એની સાથે હવે તો હું બળી મરીશ.

'મને વધારે તો એ લાગી આવે છે, કે આ હાંડલી કેવીક મજબૂત હશે એ જાણવા મેં તેને ચાહીને પછાડી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરતાં તે ફૂટી ગઈ. આમ આ હાંડલીના નાશનો હેતુ હું પોતે જ થયો, તેથી હવે મારાથી કેમ જિવાય?'

ભર્તૃહરિ: 'અરે! આ તો મારી ભાનુમતી કેવીક સતી હશે એ જાણવા સારુ મેં કરેલા પ્રપંચથી થયેલો ભાનુમતીના દેહાંત જેવો જ પ્રસંગ ઊભો કરી, મારા મોહાંધકારને ટાળવા પધારેલા ગુરુદેવ જ લાગે છે.' પછી તે પગમાં પડી કહેવા લાગ્યા: 'હે ગુરુદેવ! આપે અનુગ્રહ કરી મને મોહમયી ઘોર નિદ્રામાંથી જાગ્રત કર્યો. હવે ઉપદેશ પ્રદાન કરી કૃતાર્થ કરો.'

ઉપરની હકીકત ગમે તેમ હો, પણ ભર્તૃહરિએ રચેલા **નીતિશતક** અને **વૈરાગ્યશતક**માં તેમણે બોધેલો ઉપદેશ મનુષ્યજીવનના પાયારૂપ છે. સૂત્રરૂપે ટુંકાણમાં ઉપદેશ હોવા છતાં જીવનને ઉપયોગી ઘણીખરી બાબતો તેમણે આમાં સમાવી લીધી છે.

ઉપરનાં શતકો પૈકી નીતિશતક અત્યાર અગાઉ સંસ્થા તરફથી પ્રકટ થઈ ચૂક્યું છે અને આ વૈરાગ્યશતક હવે પ્રસિદ્ધ થાય છે. આશા છે કે આ બંને પ્રકાશનો વાચક વર્ગને ઉપયોગી થઈ પડશે.

મુંબઈ
તા. ૨૫-૧-૪૮

સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

ભર્તૃહરિ મહારાજ માટે અનેક દંતકથાઓ પ્રચલિત છે. તેઓ એક રાજા હતા. ઉજ્જયિનીમાં તે રાજ્ય કરતા. તેમને પિંગલા નામે ખૂબસુરત રાણી હતી. વીર વિક્રમ નામે ભાઈ હતો. રાણી પિંગલાને અશ્વપાલ સાથે યારી હતી. રાજાને કોઈ યોગીએ અમરફળ આપ્યું. તે તેણે પોતાની પ્રાણપ્રિયા પિંગલાને આપ્યું. ચંચળ પિંગલાએ તે અશ્વપાલને આપ્યું. અશ્વપાલે તે પોતાની પ્રિયા–એક વેશ્યાને આપ્યું. વેશ્યાને ભર્તૃહરિમાં પ્રેમ હતો. તેણે તે રાજાને આપ્યું. આમ આ ફળ એક ચક્ર પૂરું કરીને પાછું ભર્તૃહરિના હાથમાં આવ્યું. તપાસ કરતાં, રાજાને સર્વ વાતની ખબર પડી. રાજાના મોહનો પડદો તૂટી ગયો; અને તે વૈરાગી બની, રાજ્યપાટનો ત્યાગ કરી, નાથસંપ્રદાયનો શિષ્ય બની ચાલ્યો ગયો. રાણીએ પોતાના દિયેર વિક્રમ પર, પોતાનો ખોટો બચાવ કરવા આળ મૂક્યું. તેથી તો ઊલટો ભર્તૃહરિને વધારે આઘાત લાગ્યો. આ પ્રમાણે તેમનો વૈરાગ્ય આર્તવૈરાગ્ય કહેવાય. પણ હવે ઇતિહાસની શોધખોળ કરનારા વિદ્વાનોએ આ દંતકથાને ખોટી પાડી છે. પિંગલા એક રૂપવતી સતી સ્ત્રી હતી; અને રાજાનો વૈરાગ્ય, પોતે રાજ્યપદનો ભોક્તા હોવા છતાં ઉત્પન્ન થયેલો, અકૃત્રિમ–સાચો વૈરાગ્ય હતો. તેથી તેનો વૈરાગ્ય સાચો જિજ્ઞાસુ વૈરાગ્ય હતો એવું ઇતિહાસવિદોએ સિદ્ધ કર્યું છે. તેથી ભર્તૃહરિ મહારાજ તરફનું આપણું માન ઊલટું વધ્યું છે.

તેમની મુખ્ય કૃતિઓ ત્રણ: નીતિશતક, શૃંગારશતક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વૈરાગ્યશતક. નીતિશતકમાં સામાન્ય નીતિ ઉપર સો શ્લોક છે. નીતિ એ મનુષ્યજીવનનો પાયો છે. વ્યવહાર સફળતાથી ચલાવવા માટે તે જ્ઞાન જીવનયાત્રાનું ભાથું છે. શૃંગારશતકમાં મહારાજ ભર્તૃહરિની રસિકતા, રતિકુશળતા અને કામશાસ્ત્રનું જ્ઞાન નજરે ચડે છે. વૈરાગ્યશતકમાં તેમણે સાંસારિક પદાર્થોની અનિત્યતા ઉપર, આત્મધ્યાનની અગત્ય ઉપર અને વિષયપદાર્થોના ત્યાગની આવશ્યક્તા ઉપર ભાર મૂક્યો છે. ત્રણે ય શતકોમાં સો સો કરતાં કેટલાક વધારે શ્લોકો છે. સંભવ છે કે તેમાંના કેટલાક ક્ષેપક (પાછળથી ઉમેરાયેલા) હશે; પણ આર્યસંસ્કૃતિની પૂરી પિછાન કરવા માટે તેમનાં નીતિશતક અને વૈરાગ્યશતક બહુ જ ઉપયોગી છે; અને તે પૈકી વૈરાગ્યશતકનો સરળ અનુવાદ અહીં આપવામાં આવ્યો છે.

આ બે શતકોનો ઝીણવટથી અભ્યાસ કરતાં આપણને સ્પષ્ટ જણાય છે, કે ભર્તૃહરિમાં સાચા વૈરાગ્યની ઝલક હતી; તેમને આર્યજીવનની કૃતાર્થતા સાચી વિરક્તિમાં અને મોક્ષપદની પ્રાપ્તિમાં જડી છે. તેને માટે તે વિષયપદાર્થોનો ત્યાગ, ચિત્તની ઉપરતિ, નિઃસ્પૃહતા, શ્રદ્ધા, ચિત્તની ચંચળતાનો અભાવ, ગુરુવચન અને શાસ્ત્રવાક્યમાં પ્રીતિ, અનાસક્તિ, ઇષ્ટદેવમાં આસ્થા વગેરે અનિવાર્ય ગણે છે. એ રાજવીને વનવગડાનો રંગ લાગ્યો છે. એકાંતવાસમાં તે આત્મપરાયણ થવા માગે છે; તેમને હિમાલયની કંદરા, ગંગાનદી અને કાશીવાસ બહુ પ્રિય છે; કારણ કે ત્યાં યોગી અવિક્ષિપ્તતાથી આત્મચિંતન કરી શકે છે. મનુષ્યની—ખાસ કરીને અભિમાની ધનિક મનુષ્યની—સેવા કરવી અને તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસે યાચના કરવી, તે તેમને મરણ કરતાં ય ભૂંડું લાગે છે. તેના કરતાં તો ઝાડની છાલ પહેરવી અને વનફળ ખાઈ ગુજરાન ચલાવવું તે પ્યારું ગણે છે. અજ્ઞાનીનો મોહ તેમને સાલે છે, મૂર્ખ લોકો પર ઉપદેશની અસર થવાની નથી તેની તેમને ખાતરી છે. સજ્જનોનો સંગ તેમને ઇષ્ટ અને ફલદાયી લાગે છે. માતપિતાની સેવા તે ગૃહસ્થને માટે બહુ જ જરૂરી ગણે છે. પરસ્ત્રીની લંપટતા અને પરધનની ઇચ્છા આ રસિકશિરોમણિ વૈરાગી રાજવીને પાપરૂપ ભાસે છે. ધન તેમને મન અભિમાનનું કારણ છે. વિદ્યારતિ તેમને મન જીવનની એક મહામોજ છે. આજ્ઞાકારી સદાચરણી પુત્ર તેમને મન પિતાનો મહામૂલો વારસો છે. પતિવ્રતા પ્રિયભાષિણી સ્ત્રી સિવાય ગૃહસ્થાશ્રમ સાક્ષાત્ નરકરૂપ છે એમ તેમની ખાતરી છે. આજીવિકા માટે કે મહાન સ્વાર્થની સિદ્ધિ માટે પણ ગૃહસ્થાશ્રમીને તે હિંસાનો નિષેધ કરે છે. માગણ લોકોને દાન દેવા માટે પૈસો ન હોવો તે ગૃહસ્થને માટે મોટી આપત્તિરૂપ સમજે છે. કાળ બધી વસ્તુઓને ભરખી જાય છે; રાજાઓ અને પર્વતો, સમુદ્રો અને નગરીઓ કાળના સપાટામાંથી બચતાં નથી, તે હકીકત તેમને વૈરાગ્યપ્રેરક લાગે છે. દેવો પણ કર્માધીન રહી સ્વધર્મ બજાવે છે; માટે કર્મ સૌથી બળવાન તત્ત્વ છે, એવી તેમની માન્યતા લગભગ જૈનદર્શનના કર્મસિદ્ધાંત સુધી પહોંચી જાય છે. કર્મનું ઉન્મૂલન કરવામાં જ તેમને પુરુષાર્થની પરિસીમા જણાય છે. શીલ તેમને મન માનવીનો સાચો શણગાર છે. મનુષ્યદેહ પ્રાપ્ત કરીને, તપના આચરણ દ્વારા, કર્મ ઉખાડી નાખી, મુક્ત બનવું તે તેમનો મહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદર્શ છે. સંસારમાં સૂર્યચંદ્રાદિકને પણ ગ્રહણરૂપ દુઃખ આવી પડે છે; માટે સુખદુઃખમાં સમતા રાખવી એ આર્યતત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત તેમને બહુ રુચે છે. ધૈર્ય, શૌર્ય, પરોપકાર, ત્યાગ અને વૈરાગ્ય જેવાં આર્યજીવનનાં મૌલિક તત્ત્વો ઉપર તે ભાર મૂકે છે. આવું છે તેમની માનસિક ભૂમિકાનું ચિત્રણ. સાચે જ તે આર્યસંસ્કૃતિના વારસાના ખૂબીદાર ચિત્રક છે.

ભર્તૃહરિ વિદ્વાન હતા. કવિઓ અને વિદ્વાનોના ગુણાનુરાગી હતા. તેમની નિઃસ્પૃહતા તેમને કેટલીક વાર આખાબોલા અને સાચાબોલા બનાવી મૂકે છે. તેમના શ્લોકોના વૃત્તોની પસંદગી વિવિધ અને અર્થપૂર્ણ છે. તે એક શ્લોકમાં આખી કથા રજૂ કરી શકે છે અથવા એક સંપૂર્ણ ચિત્ર દોરી શકે છે, એક સંપૂર્ણ વિચાર રજૂ કરી શકે છે; તેથી કેટલીક વાર તેમનો એકેક શ્લોક ચિત્રકારને એક સંપૂર્ણ ચિત્ર દોરવાની પ્રેરણા આપી શકે તેવી તાકાત ધરાવે છે. તે સામાન્ય બનાવ કે હકીકતમાંથી સુંદર બોધ તારવી શકે છેઃ દાખલા તરીકે, સાચી મૈત્રી માટે દૂધપાણીનો સંબંધ; સજ્જનદુર્જનની મૈત્રી માટે સવારસાંજની વૃક્ષની છાયાની ઉપમા; દૈવની પ્રબળતા માટે કરંડિયામાં પુરાયેલો સાપ ઉંદરે પાડેલા છિદ્ર મારફત તેનાં જ પારણાં કરી મુક્તિ મેળવી ગયો તે દૃષ્ટાંત; તાલવાળો પુરુષ તાલની છાયામાં આરામ લેવા ગયો ત્યાં પણ તેને માથે આવી પડેલી વિપત્તિ. વળી તે ચમત્કારિક રીતે અનેક વસ્તુઓને ટૂંકમાં એક શ્લોકમાં વીણીવીણીને એકાર્થની સળંગતાથી સાંધી દે છે. દાખલા તરીકે વાદળાં, પરપોટા, સ્ત્રીઓ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નદીવેગ, વીજળીનો ચમકાર, સર્પ, રાજાઓ વગેરે વિશ્વાસપાત્ર નથી તે સમુચ્ચય; અથવા મૃગ, મીન અને સજ્જનો તથા તેમની અનુક્રમે ગણાવેલી આજીવિકા અને તેમના અનુક્રમે ગણાવેલા નિષ્કારણ વૈરીઓ. ભર્તૃહરિની ભાષામાં સરળતા છે, લય છે, એક પ્રકારની સુરુચિ છે, સ્થળેસ્થળે સુંદર ઝમક છે. સમાસો સ્વાભાવિક અને સુગમ છે. શબ્દોનું લાલિત્ય છે. અર્થને ટૂંકાવીને, વિશેષણો દ્વારા, લાંબી વસ્તુ, કાળક્રમનો વ્યત્યય કર્યા સિવાય કહેવાની અદ્ભુત શક્તિ છે. પ્રશ્નોત્તરીની પદ્ધતિ બહુ જ રમણીય અને હૃદયંગમ છે. જાણે આખી રચનામાં જીવતી અને બોલાતી ભાષાનો રણકો છે. આ રીતે ભર્તૃહરિના શતકોનું સ્થાન સંસ્કૃત સાહિત્યમાં અપૂર્વ અને ઊંચું છે. કેટલાક શ્લોકો શતકોમાં તેમ જ કાલીદાસની કૃતિઓમાં અને અન્ય ગ્રંથોમાં નજરે ચઢે છે. કદાચ તે સામાન્ય ચલણી નાણાં માફક બધાની સર્વસાધારણ મૂડી હશે.

ભર્તૃહરિના સમયની આર્યસંસ્કૃતિ સાદી અને અજટિલ હશે તેમ આ શતકો વાંચતાં લાગે છે. સાદું જીવન અને ઉચ્ચ વિચારો આદરણીય હશે, ખંડિયા રાજાઓ હશે, સમ્રાટ અને પ્રજાસત્તાક રાજ્યોનો ઉલ્લેખ નથી. વિષ્ણુના અવતારો, કૂર્માવતાર, મત્સ્યાવતાર વગેરેનો ઉલ્લેખ છે; પણ રામાવતાર અને કૃષ્ણાવતારનો બિલકુલ ઉલ્લેખ નથી. તેમના શ્લોકો સામાન્ય જ્ઞાન અને નીતિજ્ઞાન, વ્યવહારચાતુર્ય અને મોક્ષજ્ઞાનથી ભરેલા છે. તેમનો દરેક શ્લોક પહેલ પાડેલા મણિ જેવો કીમતી, પ્રકાશવાન અને સંપૂર્ણ છે. ભર્તૃહરિ મહારાજ જીવનની શાળામાં ખૂબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘડાયલા હોય તેમ લાગે છે. તેમને 'અનુભવાચાર્ય' નામ આપીએ તો ખોટું નથી. તેમની અવલોકનશક્તિ તેમની વર્ણનશક્તિ જેટલી જ અદ્‌ભુત છે. તે નાથસંપ્રદાયના હતા તેવી લોકમાન્યતા પ્રવર્તે છે, પણ તેમનાં શતકોમાં મત્સ્યેન્દ્રનાથ, ગોરખનાથ વગેરેના હઠયોગની કે તેની આનુષંગિક સિદ્ધિઓનું નામનિશાન જડતું નથી. તેમની તત્ત્વવિચારની સરણિ વેદાંત તરફ વધારે ઢળતી હોય તેમ લાગે છે; છતાં જે જે મુદ્દાઓ ઉપર તેમણે ભાર મૂક્યો છે: દાખલા તરીકે કર્મનું પ્રાબલ્ય, નિઃસ્પૃહતા, તપ અને એકાંતવાસ તથા ત્યાગ ઉપર ઝોક—તે ઉપરથી એમ લાગે છે કે સામાન્ય રીતે તેમણે વેદાંતના તત્ત્વવિચારની સરણિ સ્વીકારેલી હોવા છતાં, તેમાં તેમણે પોતાની અંગત આંતરસાધનામાંથી ઉદ્‌ભવેલા રંગો પૂર્યા છે. અત્યારે તો તેમના નામ પરથી ઊતરી આવેલો 'ભરથરી' શબ્દ અને તેમનો પ્રતિનિધિ વૈરાગી, જે ભરથરી તરીકે પ્રસિદ્ધ છે અને જે પોતાના ખાસ વાદ્ય ઉપર વૈરાગ્યપ્રેરક, ત્યાગપૂર્ણ, દુન્યવી પદાર્થો તરફની સંપૂર્ણ બેદરકારી સૂચવતાં ભજનો ગાય છે, તે જ તેમની ઐતિહાસિકતા અને જીવનસરણિનો સાક્ષી છે. ગમે તેમ હો, પણ તેમનાં આ બે શતકોમાં જીવનને સાચા અને સફળ પાયા ઉપર ઘડવાની ખૂબ સામગ્રી પડી છે, વિચારરત્નની કણિકાઓ વેરાયલી પડી છે; અને તેથી તે ગુજરાતની આમજનતા સરળ અનુવાદના રૂપમાં વાંચીવિચારી શકે તે હેતુથી આ અનુવાદ તૈયાર કરવામાં આવ્યો છે. આશા છે કે ગુજરાતી વાચકોને તેથી લાભ થશે જ.

અનુવાદક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

મંગલાચરણ ૧૯
ઉત્તમ કાવ્યની કદર કોણ કરે ? ... ... ,,
દુઃખરૂપ સંસાર ૨૦
તૃષ્ણાનો ત્રાસ ... ... ,,
મોહરૂપી મદિરા ૨૨
માગવું અને મરવું બરાબર ... ... ,,
વૃદ્ધને પણ મરવું ગમતું નથી ૨૩
બ્રહ્માની ભૂલ ૨૪
વ્યર્થ જીવન ... ... ,,
અજ્ઞાનીનો ભ્રમ ૨૫
સકામ પરિશ્રમની નિષ્ફળતા ... ... ,,
તૃષ્ણાનું પ્રાબલ્ય ૨૬
દેવોને પણ નસીબ ભોગવ્યે જ છૂટકો છે ... ,,
વિષયત્યાગથી થતી શાંતિ ૨૭
તૃષ્ણાત્યાગની મહત્તા ... ... ,,
મદનની કુચેષ્ટા ૨૮
વિષયત્યાગની કઠિનતા ૨૯
રૂપનું નિંદ્ય સ્વરૂપ ... ... ,,
મોહનો મહિમા ૩૦
દુર્જનોના અવિનયની દુઃસહતા ... ... ,,
રાજાઓના પદની નિંદા ૩૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિઃસ્પૃહ વિદ્વાનની રાજા પ્રત્યે ઉક્તિ ... ૩૧
રાજાભિમાનની પોકળતા ૩૨
બેકદર રાજાઓ ૩૩
વિદ્યાની અધોગતિ ... ... ,,
શૌર્યનું મિથ્યાભિમાન ૩૪
નિઃસ્પૃહ વિદ્વાનની રાજા પ્રત્યે ઉક્તિ ... ૩૫
સંસારમાંથી ઉપરતિ ... ... ,,
દુર્દશામાં ભગવન્નામસ્મરણ જ શરણ છે ... ૩૬
હૃદયપ્રસાદની ઉત્તમતા ... ... ,,
વૈરાગ્ય જ અભયપદ છે ૩૭
પાપી પેટ ખાતર ૩૮
કાળનો પ્રભાવ ... ... ,,
કાળની ચોપાટ ૩૯
ટૂંકા જીવનમાં શું કરવું અને શું નહિ ... ૪૦
ધન્ય દિવસ ... ... ,,
ક્યારે ? ૪૧
એક ઇચ્છા ... ... ,,
આશાનદીની પેલે પાર ૪૨
મદનજયની કઠિનતા ... ... ,,
વ્યુત્થાનસમયે પૂર્વસ્મૃતિ ૪૩
જન્મ વ્યર્થ ગયો ૪૪
એક ઇચ્છા ... ... ,,
રાજા પ્રત્યે ત્યાગીની ઉક્તિ ૪૫
તપનું ફળ ... ... ,,
ધન્ય યોગીઓ ૪૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપ એ જ શ્રેય ૪૬
યોગની શ્રેષ્ઠતા ૪૭
કુટુંબીઓમાં દીન જીવન કરતાં માની ભિક્ષાટન સારું ,,
સગાંવહાલાંમાં ગરીબાઈથી રહેવા કરતાં વનવાસ સારો ૪૮
યોગીઓની સમતા ... ... ,,
બડભાગી યોગીઓ ૪૯
મનને બે બોલ ... ... ,,
ચિત્ત પ્રતિ ૫૦
ચિત્તને શિખામણ ૫૧
કાં તો રાજવૈભવ કે કાં તો યોગીજીવન ... ,,
સુંદરીઓ નરકમાંથી નહિ તારે ૫૨
નિઃસ્પૃહીની લક્ષ્મી પ્રત્યે ઉક્તિ ... ... ,,
આસક્તિની એકતાનો વૈરાગ્યથી ભંગ ... ૫૩
નિર્મોહીની સ્ત્રી પ્રત્યે ઉક્તિ ... ... ,,
નિર્મોહીની ઉક્તિ ૫૪
સંતો વનમાં કેમ ચાલ્યા જાય છે? ... ... ,,
દુર્જનસેવા કરતાં વનવાસ સારો ૫૫
દેહની ક્ષણિકતા ૫૬
ક્યારે? ... ... ,,
પછી શું? ૫૭
વૈરાગ્યની પરાકાષ્ટા ... ... ,,
સર્વોત્તમ દશા ૫૮
બ્રહ્મચિંતનની ઉત્તમતા ... ... ,,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારનો મોહ	૫૯
મુનિનો વૈભવ	૬૦
બ્રહ્મસુખ આગળ સંસારસુખ ફિક્કું છે ...	૬૧
વણિગ્વૃત્તિનો ત્યાગ કર	,,
સાંસારિક પદાર્થોની ક્ષણિકતા	૬૨
મનસ્વી પુરુષની અક્ષુબ્ધતા	,,
ત્યારે અને હવે	૬૩
અનિત્યતાબુદ્ધિથી સાંસારિક પદાર્થો રમણીય લાગતા નથી	,,
વિરલ તપસ્વીનું દૃશ્ય	૬૪
પંચમહાભૂતને છેલ્લા નમસ્કાર	,,
આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય ...	૬૫
તારુણ્યની સફળતા	,,
અધિકારભેદથી પરિણામભેદ	૬૬
સંસારની વિચિત્રતા	,,
અશરણશરણ શંભુચરણ	૬૭
સુખ એટલે માત્ર દુઃખનો ઉપાય	૬૮
ક્યારે ?	,,
પરમેશ્વર તુલ્ય પુરુષો	૬૯
વિદ્વાન કુટુંબ ખાતર સંસારવ્યવહાર ચલાવે છે ...	,,
કાશીવાસની ઉત્તમતા	૭૦
અજ્ઞાની દુષ્ટ કુંભાર	૭૧

પુસ્તકાલય
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇષ્ટદેવ પર શ્રદ્ધા ૭૨
ઇષ્ટચિંતનમાં લાગેલા મનને વિક્ષેપોનો અભાવ ... ,,
યોગીનું સર્વોત્તમ સુખ ૭૩
શ્રદ્ધાપાત્ર શિખામણ ... ... ,,
ધન્ય ત્યાગીઓ ૭૪
કોઈ વસ્તુ ભયમુક્ત અને સ્થિર નથી ... ૭૫
સર્વ વસ્તુ ભયગ્રસ્ત છે. ... ... ,,
દુઃખરૂપ સંસાર ૭૬
જીવતરમાં સુખ નથી ... ... ,,
સુખની ભ્રાંતિ ૭૭
ત્યાગીઓની પ્રશંસા ... ... ,,
લોકોની મૂઢતા ૭૮
આત્મરત યોગીઓને વિક્ષેપનો અભાવ ... ૭૯
પરોપકારીનું જ જીવન સફળ છે. ... ... ,,
મુમુક્ષુને સ્ત્રીત્યાગની આવશ્યકતા ૮૦
પંચેંદ્રિયોની ઠગાઈ ૮૧
વૃદ્ધાવસ્થાની નિંદા ... ... ,,
સંસારનું નાટક ૮૨
એક ઇચ્છા ... ... ,,
ચિત્તની ઉત્તમ સ્થિતિ ૮૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ભર્તૃહરિકૃત

વૈરાગ્યશતક

મંગલાચરણ

दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्येकसाराय नमः शान्ताय तेजसे ॥१॥

દિશા, કાળ વગેરેની જેની મૂર્તિને મર્યાદા નથી, (અને એટલા માટે જ) જે અનંત અને કેવળ ચૈતન્યરૂપ છે, આત્માનુભવ જ જેનો એક માત્ર સાર છે, તેવા શાંત પ્રકાશરૂપ પરબ્રહ્મને નમસ્કાર હો.

ઉત્તમ કાવ્યની કદર કોણ કરે ?

बोद्धारो मत्सरग्रस्ताः प्रभवः स्मयदूषिताः ।
अबोधोपहताश्चान्ये जीर्णमङ्गे सुभाषितम् ॥ २ ॥

(જેમને સારાનરસાનો વિવેક છે તેવા) જ્ઞાની લોકો–પંડિતો ઈર્ષ્યામાં સપડાયા છે, ધની લોકોમાં ગર્વનો દોષ આવી ગયો છે અને બાકીના (સાધારણ) લોક અજ્ઞાનથી ભરેલા છે. (તેથી) ઉત્તમ કાવ્ય અંગમાં જ જીર્ણ થઈ ગયું. (અર્થાત્ વાણી દ્વારા પ્રગટ થવાને જોઈતો ઉત્સાહ જ ન રહ્યો.)

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખરૂપ સંસાર

न संसारोत्पन्नं चरितमनुपश्यामि कुशलं
विपाकः पुण्यानां जनयति भयं मे विमृशतः।
महद्भिः पुण्यौघैश्चिरपरिगृहीताश्च विषयाः
महान्तो जायन्ते व्यसनमिव दातुं विषयिणाम्॥ ३॥

આ સંસારમાં ઉત્પન્ન થયેલાં કોઈ પણ કર્મને હું કલ્યાણકારી જોતો નથી. વિચાર કરતાં, પુણ્યોનું પરિણામ પણ મારામાં ભય ઉત્પન્ન કરે છે; (કારણ કે) ઘણા પુણ્યથી લાંબા કાળ સુધી સ્વીકારાયલા અનેક વિષયપદાર્થો વિષયી લોકોને જાણે કે દુઃખ આપવા માટે જ નિર્માયા છે (એમ લાગે છે, કે વિષયપદાર્થોનો ભોગ કરતાં ઇંદ્રિયો ક્ષીણ થાય છે; અને પછી જ્યારે તેમનો ત્યાગ વશે કે કવશે કરવો પડે છે, ત્યારે પણ દુઃખ થાય છે.)

તૃષ્ણાનો ત્રાસ

उत्खातं निधिशङ्कया क्षितितलं ध्माता गिरेर्धातवो
निस्तीर्णः सरितां पतिर्नृपतयो यत्नेन संतोषिताः।
मन्त्राराधनतत्परेण मनसा नीताः श्मशाने निशाः
प्राप्तः काणवराटकोऽपि न मया तृष्णेऽधुना मुञ्च माम्॥४॥

'અહીં ગુપ્ત ખજાનો દાટેલો હશે' એવી શંકાથી પૃથ્વીનું તળિયું ખોદી નાંખ્યું, પર્વતની ધાતુઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

६११/१८ (ग्रं १ 23645
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અગ્નિમાં) ફૂંકીને ગાળી નાખી, દરિયો પાર કર્યો, રાજાઓને પ્રયત્નપૂર્વક સંતોષ્યા, મંત્રનું આરાધન કરવામાં પરાયણ મન વડે શ્મશાનમાં રાતોની રાતો વિતાવી; પણ એક ફૂટી બદામ પણ મને મળી નહિ. હવે તો હે તૃષ્ણા, મને છોડ.

भ्रान्तं देशमनेकदुर्गविषमं प्राप्तं न किंचित्फलं
त्यक्त्वा जातिकुलाभिमानमुचितं सेवा कृता निष्फला ।
भुक्तं मानविवर्जितं परगृहेष्वाशंकया काकवत्
तृष्णे जृम्भसि पापकर्मनिरते नाद्यापि संतुष्यसि ॥ ५ ॥

અનેક, ન જવાય તેવા અને મુશ્કેલી ભર્યા પ્રદેશોમાં ભમ્યો, પણ કંઈ ફળ ન મળ્યું. (બ્રાહ્મણાદિ) જાતિનું અને (ઉચ્ચ) કુળનું ઉચિત અભિમાન ત્યજી નોકરી કરી, પણ તે સઘળી નિષ્ફળ ગઈ. બીજાઓને ઘેર, ડરતાંડરતાં, અપમાન સહિત, કાગડાની પેઠે પેટ ભર્યું; (છતાં) પાપકર્મોમાં જ પ્રવૃત્ત હે તૃષ્ણા! તું તો વધતીજ ચાલે છે, હજી સંતોષાતી નથી.

खलोल्लापाः सोढाः कथमपि तदाराधनपरै-
र्निगृह्यान्तर्बाष्पं हसितमपि शून्येन मनसा ।
कृतश्चित्तस्तम्भः प्रतिहतधियामञ्जलिरपि
त्वमाशे मोघाशे किमपरमतो नर्तयसि माम् ॥ ६ ॥

દુર્જનોને પ્રસન્ન કરવામાં તત્પર રહીને, કોઈ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પ્રકારે, તેમનાં કુવાકયો સહન કર્યાં. અંદર ને અંદર આંસુ સમાવીને, શૂન્ય મનથી, (તેમને ખુશ કરવા) હાસ્ય પણ કર્યું. મનને દાબી રાખ્યું અને મૂર્ખ મનુષ્યોને પ્રણામ પણ કર્યા; (છતાં કશું મળ્યું નહિ.) તો હજી પણ હે વ્યર્થ આશા! તું મને વધારે કેમ નચાવે છે?

મોહરૂપી મદિરા

आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं
व्यापारैर्बहुकार्यभारगुरुभिः कालो न विज्ञायते।
दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते
पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ॥७॥

રોજરોજ સૂર્યના ઊગવા તથા આથમવાની સાથે આયુષ્યનો ક્ષય થાય છે, જેમાં અનેક કાર્યોનો મોટો બોજો છે તેવી ક્રિયાઓ કરતાંકરતાં સમય (ક્યાં) વીતી જાય છે તે સમજાતું નથી. જન્મ, ઘડપણ, અનેક વિપત્તિઓ અને મરણ જોઈને પણ ત્રાસ થતો નથી. (આ ઉપરથી એમ નક્કી થાય છે કે) મોહમય પ્રમાદરૂપી દારૂ પીને સંસાર પાગલ બની ગયો છે.

માગવું અને મરવું બરાબર

दीना दीनमुखैः सदैवशिशुकैराकृष्टजीर्णाम्बरा
क्रोशद्भिः क्षुधितैर्नरैर्न विधुरा दृश्येत चेद्गेहिनी।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

याञ्चाभङ्गभयेन गद्गदगलत्त्रुट्यद्विलीनाक्षरं
को देहीति वदेत् स्वदग्धजठरस्यार्थे मनस्वी जनः ॥८॥

ગરીબડા મુખવાળાં, રડતાં, ભૂખ્યાં બાળકો વડે જેનું ફાટેલું વસ્ત્ર ખેંચવામાં આવે છે તેવી, ગરીબડી, દુઃખિત પત્ની જો નજરે ન પડે, તો માગણીનો અસ્વીકાર થવાના ભયથી ગદ્ગદ કંઠે તૂટ્યાફૂટ્યા અને ન સંભળાતા અક્ષરોમાં '(મને) આપો' એવું પોતાના જ માત્ર પાપી પેટ માટે કયો મનસ્વી પુરુષ કહે? (અર્થાત્ બૈરીછોકરાં દુઃખી ન થાય તેટલા માટેજ તે યાચના કરે છે; નહિ તો ભૂખે મરી જાય; છતાં પણ મનસ્વી પુરુષ કોઈની પાસે માગણી ન કરે.)

વૃદ્ધને પણ મરવું ગમતું નથી

निवृत्ता भोगेच्छा पुरुषबहुमानो विगलितः
समानाः स्वर्याताः सपदि सुहृदो जीवितसमाः ।
शनैर्यष्ट्योत्थानं घनतिमिररुद्धे च नयने
अहो धृष्टः कायस्तदपि मरणापायचकितः ॥९॥

ભોગની ઇચ્છા ક્ષીણ થઈ ગઈ, 'હું પુરુષ છું' તે પ્રકારનું અભિમાન ગળી ગયું, સમાન ઉમ્મરવાળા પ્રાણતુલ્ય મિત્રો સ્વર્ગે સિધાવ્યા, ધીમે રહીને લાકડીના ટેકાથી ઊઠવું પડે છે, બન્ને આંખોએ સજ્જડ મોતિયો ઊતર્યો છે; છતાં પણ આ ધૃષ્ટ કાયા મરણરૂપી વિપત્તિથી ડરીને ચોંકે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્માની ભૂલ

हिंसाशून्यमयत्नलभ्यमशनं धात्रा मरुत्कल्पितं
व्यालानां पशवस्तृणाङ्कुरभुजः सृष्टाः स्थलीशायिनः ।
संसारार्णवलङ्घनक्षमधियां वृत्तिः कृता सा नृणां
यामन्वेषयतां प्रयान्ति सततं सर्वे समाप्तिं गुणाः ॥१०॥

બ્રહ્માએ સર્પ માટે હિંસાવગરનું અને વગરમહેનતે મળે તેવું પવનરૂપી ભોજન બનાવ્યું. પશુઓને ઘાસ ખાતાં અને જમીન ઉપર સૂઈ રહેતાં બનાવ્યાં. (પણ) સંસારસમુદ્રને તરી જવાની શક્તિવાળી બુદ્ધિ જેમનામાં છે તેવા મનુષ્યો માટે એવી આજીવિકા બનાવી, કે જે સતત શોધતાંશોધતાં તેમના સર્વે ગુણો સમાપ્ત થઈ જાય. (અર્થાત જેમને આજીવિકા માટે જરા ય શ્રમ ન કરવો પડે તેવાં પશુઓમાં અને સર્પોમાં મોક્ષ મેળવવા માટે જરૂરી વિવેકબુદ્ધિ નથી; અને જેમનામાં તેવી બુદ્ધિશક્તિ છે તેવા માણસોને આજીવિકાની એવી ખટપટમાં મૂક્યા, કે તેમાં ને તેમાં તેમના સર્વે ઉત્તમ ગુણોનો અંત આવી જાય અને મોક્ષપ્રાપ્તિના પ્રયત્ન માટે સમય અને શક્તિ જ બાકી ન રહે.)

વ્યર્થ જીવન

न ध्यातं पदमीश्वरस्य विधिवत् संसार विच्छित्तये
स्वर्गद्वारकपाटपाटनपटुर्धर्मोऽपि नोपार्जितः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नारीपीनपयोधरोरुयुगलं स्वप्नेऽपि नालिङ्गितं
मातुः केवलमेव यौवनवनच्छेदे कुठारा वयम् ॥११॥

સંસારના નાશ માટે વિધિપૂર્વક પરમેશ્વરના ચરણનું ધ્યાન ન કર્યું. સ્વર્ગનાં દ્વારનાં કમાડ ખોલી નાંખવામાં સમર્થ ધર્મનું ઉપાર્જન પણ ન કર્યું. સ્ત્રીનાં દૃઢ સ્તન અને બંને જાંઘનું આલિંગન સ્વપ્નમાં પણ ના કર્યું. અમે અમારી માતાના યૌવનરૂપી વનને છેદવામાં (યૌવન ક્ષીણ કરી નાખવામાં કારણરૂપ) કેવળ કુહાડારૂપ જ બન્યા છીએ.

અજ્ઞાનીનો ભ્રમ

भोगा न भुक्ता वयमेव भुक्तास्तपो न तप्तं वयमेव तप्ताः ।
कालो न यातो वयमेव यातास्तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ॥

અમે ભોગોને નથી ભોગવ્યા, પણ ભોગોએ અમને ભોગવ્યા છે. (અસમર્થ, ક્ષીણશક્તિવાળા બનાવી દીધા છે.) અમે તપ નથી તપ્યા, અમે જ સંતાપ પામ્યા છીએ. કાળ નથી ચાલ્યો ગયો, અમે જ ચાલ્યા ગયા છીએ. (મરણને આરે આવીને ઊભા છીએ.) તૃષ્ણા નથી જીર્ણ થઈ, અમે જ બુઢ્ઢા બની ગયા છીએ.

સકામ પરિશ્રમની નિષ્ફળતા

क्षान्तं न क्षमया गृहोचितसुखं त्यक्तं न संतोषतः
सोढा दुःसहशीतवाततपनाः क्लेशान्न तप्तं तपः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ध्यातं वित्तमहर्निशं नियमितप्राणैर्न शंभोः पदं
तत्तत्कर्म कृतं यदेव मुनिभिस्तैस्तैः फलैर्वञ्चिताः ॥ १३॥

દરગુજર તો કરવું પડયું, પણ ક્ષમાબુદ્ધિથી નહિ. ઘરમાં ભોગવવા જેવાં સુખ ત્યજી દીધાં, પણ સંતોષવૃત્તિથી નહિ. સહન ન થઈ શકે તેવાં ટાઢ, પવન, તાપ ક્લેશપૂર્વક સહન કર્યાં, પણ તપ ન કર્યું. રાતદિવસ ધનનું ધ્યાન કર્યું, પણ પ્રાણને નિયમમાં રાખી શંકર ભગવાનના ચરણનું ધ્યાન ન ધર્યું. મુનિઓ જે જે કર્મ કરે છે તે તે કર્મ અમે કર્યું, પણ તે તે ફળથી અમે વંચિત રહ્યા. (કારણ કે તે તે કર્મ અમે સકામ બુદ્ધિથી કર્યાં.)

તૃષ્ણાનું પ્રાબલ્ય

वलिभिर्मुखमाक्रान्तं पलितैरङ्कितं शिरः ।
गात्राणि शिथिलायन्ते तृष्णैका तरुणायते ॥१४॥

મુખ ઉપર કરચલીઓ છવાઈ ગઈ, માથાના વાળ ધોળા થઈ ગયા (પળિયાં આવ્યાં), અવયવો ઢીલા થઈ ગયા; પણ એકલી તૃષ્ણા જુવાન બનતી ચાલી.

દેવોને પણ નસીબ ભોગવ્યે જ છૂટકો છે

येनैवाम्बरखण्डेन संवीतो निशि चन्द्रमाः ।
तेनैव च दिवा भानुरहो दौर्गत्यमेतयोः ॥ १५॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશ(વસ્ત્ર)ના જે ખંડથી રાતે ચંદ્રમા ઢંકાયો હતો, તે જ આકાશ(વસ્ત્ર)ના ખંડથી દિવસે સૂર્ય પણ ઢંકાયો. અરે રે, આ બેની કેવી દુર્દશા છે! (તો મનુષ્યોને દુઃખ આવી પડે તેમાં શી નવાઈ?)

વિષયત્યાગથી થતી શાંતિ

अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषयाः
वियोगे को भेदस्त्यजति न जनो यत् स्वयममून्।
व्रजन्तः स्वातन्त्र्यादतुलपरितापाय मनसः
स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्तं विदधति ॥१६॥

ઘણો લાંબો વખત રહીને પણ વિષયપદાર્થો (છેવટે તો) જરૂર જવાના જ છે; તો પછી (તે જાતે જતા રહે અને મનુષ્ય તેનો વૈરાગ્યથી ત્યાગ કરે તે બેમાં) વિયોગમાં શો ફેર છે કે જેથી પુરુષ જાતે જ તેમનો ત્યાગ નથી કરતો? એ જાતે જ સ્વતંત્રપણે (પુરુષને ત્યજીને) જતા રહે છે, ત્યારે મનને બહુ જ સંતાપ કરે છે; અને (પુરુષ) પોતે જ્યારે તેમને ત્યજી દે છે, ત્યારે તે અનંત ચિત્તશાંતિનું સુખ આપે છે.

તૃષ્ણાત્યાગની મહત્તા

विवेकव्याकोशे विकसति शमे शाम्यति तृषा-
परिष्वङ्गे तुङ्गे प्रसरतितरां सा परिणतिः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

जराजीर्णैश्वर्यग्रसनगहनाक्षेपकृपण :
कृपापात्रं यस्यां भवति मरुतामप्यधिपतिः ॥१७॥

વિવેક ખીલવનાર શમ (ચિત્તની શાંતિ) જ્યારે વિકાસ પામે છે, અને તૃષ્ણાની દૃઢ બાથ જ્યારે શાંત પડી જાય જાય છે, ત્યારે એવું પરિણામ (ચિત્તમાં) વિશાળતાથી પ્રસરે છે, કે જે (સ્થિતિમાં) અવસ્થાથી ક્ષીણ થયેલા ઐશ્વર્યને (ઇંદ્રપદને) પકડવાની ખટપટ કરવામાં રચ્યોપચ્યો બિચારો (દેવપતિ) ઇંદ્ર પણ કૃપાપાત્ર (દયાપાત્ર) બની જાય છે.

મદનની કુચેષ્ટા

कृशः काणः खञ्जः श्रवणरहितः पुच्छविकलो
व्रणी पूयक्लिन्नः कृमिकुलशतैराचृततनुः ।
क्षुधाक्षामो जीर्णः पिठरककपालार्पितगलः
शुनीमन्वेति श्वा हतमपि च हन्त्येव मदनः ॥१८॥

દૂબળો, કાણો, લંગડો, કાનવગરનો, પૂંછડાવગરનો (બાંડો), વ્રણવાળો (ઘારાંપડેલો), પરુથી લદબદ, સેંકડો કીડાથી જેનું શરીર વ્યાપ્ત થયું છે તેવો, ભૂખથી ક્ષીણ થઈ ગયેલો, ઘરડો અને જેના ગળામાં કચરાની હાંડલીનો કાંઠલો ભરાઈ ગયો છે તેવો કૂતરો કૂતરીની પાછળ પાછળ દોડે છે. ખરેખર, કામદેવ હણાયલાને પણ હણે જ છે. (અર્થાત દુઃખીની પણ ક્રૂર વિડંબના જ કરે છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષયત્યાગની કઠિનતા

भिक्षाशनं तदपि नीरसमेकवारं
शय्या च भूः परिजनो निजदेहमात्रम् ।
वस्त्रं च जीर्णशतखण्डमयी च कन्था
हा हा तथापि विषया न परित्यजन्ति ॥१९॥

ભિક્ષા માગીને ભોજન કરવામાં આવે છે અને તે પણ નીરસ અને માત્ર એક ટંક. પૃથ્વી ઉપર પથારી કરવામાં આવે છે, નોકરચાકરમાં માત્ર પોતાનો દેહ જ છે, પુરાણાં સેંકડો થીગડાં દીધેલી કંથા (ફાટીતૂટી ગોદડી)જ માત્ર વસ્ત્રમાં છે; છતાં ય હાય, ખેદની વાત છે કે વિષયપદાર્થો છોડતા નથી.

રૂપનું નિંદ્ય સ્વરૂપ

स्तनौ मांसग्रन्थी कनककलशावित्युपमितौ
मुखं श्लेष्मागारं तदपि च शशाङ्केन तुलितम् ।
स्रवन्मूत्रक्लिन्नं करिवरकरस्पर्धि जघनं
अहो निन्द्यं रूपं कविजनविशेषैर्गुरु कृतम् ॥ २० ॥

માંસની ગાંઠોરૂપી સ્તન સુવર્ણના કુંભ સાથે સરખાવ્યા છે, લીંટ અને લાળના ઘરરૂપી મુખની તુલના ચંદ્ર સાથે કરવામાં આવી છે, મૂત્રસ્રાવથી લદબદ જાંઘોને શ્રેષ્ઠ હાથીની સૂંઢ સાથે સરખાવવામાં આવી છે: અહોહો, (સ્ત્રીના) નિંદ્ય રૂપને મહા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિઓએ જ (આવી રીતે વર્ણવીવર્ણવીને) ચઢાવી માર્યું છે.

મોહનો મહિમા

अजानन् माहात्म्यं यततु शलभो दीपदहने
स मीनोऽप्यज्ञानाद् बडिशयुतमश्नातु पिशितम् ।
विजानन्तोऽप्येते वयमिह विपज्जालजटिलान्
न मुञ्चामः कामानहह गहनो मोहमहिमा ॥ २१ ॥

અજાણ્યું પતંગિયું દીવાના અગ્નિમાં ઝંપલાવે, (તે સમજી શકાય તેમ છે.) તે માછલું પણ અજ્ઞાનને લીધે, કાંટાથી યુક્ત માંસ ખાય; (તે સમજી શકાય તેવી વાત છે.) પણ (વિષયપદાર્થોની) કામનાઓને અનેક વિપત્તિઓથી વીંટળાયલી જાણવા છતાં, અમે (મનુષ્યો) તેમને છોડતા નથી. અહાહા, મોહનો મહિમા અકલિત (ન સમજાય) તેવો છે!

દુર્જનોના અવિનયની દુઃસહતા

फलमलमशनाय स्वादु पानाय तोयं
शयनमवनिपृष्ठे वल्कले वाससी च ।
नवधनमधुपानभ्रान्तसर्वेन्द्रियाणा-
मविनयमनुमन्तुं नोत्सहे दुर्जनानाम् ॥ २२ ॥

ખાવા માટે પૂરતાં ફળ છે, પીવા માટે સ્વાદિષ્ઠ પાણી છે, સૂવા માટે પૃથ્વી છે અને પહેરવા માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વલ્કલનાં વસ્ત્ર છે; (તો પછી) તાજી થયેલી ધનપ્રાપ્તિરૂપી મદ્યપાનથી જેમની સર્વ ઇંદ્રિયો બહેકી ગયેલી છે તેવા દુર્જનોનો અવિનય સહન કરવાનું (વેઠી લેવાનું) મને મન નથી થતું.

રાજાઓના પદની નિંદા

विपुलहृदयैर्धन्यैः कैश्चिज्जगज्जनितं पुरा
विधृतमपरैर्दत्तं चान्यैर्विजित्य तृणं यथा ।
इह हि भुवनान्यन्ये धीरा चतुर्दश भुञ्जते
कतिपयपुरस्वाम्ये पुंसां क एष मदज्वरः ॥२३॥

ઉદાર હૃદયવાળા કેટલાક ધન્ય મહાત્માઓએ (બ્રહ્માએ) પૂર્વે જગત ઉત્પન્ન કર્યું છે. બીજાઓએ (વિષ્ણુ ભગવાને) તેને ધારણ કર્યું છે. વળી બીજાઓએ (પરશુરામે) તેને જીતીને તે ઘાસનું તણખલું હોય તેમ (નિઃસ્પૃહતાથી) તેનું (કશ્યપ મુનિને) દાન કર્યું છે. વળી બીજા કેટલાક ધીર રાજાઓએ (બલિરાજાએ) અહીં તે ચૌદ ભુવનનો ઉપભોગ કર્યો છે; (ચૌદ ચોકડીનું રાજ્ય કર્યું છે.) તો પછી કેટલાંક ગામોના માલિક બનેલા મનુષ્યોને (રાજાઓને) આ મદરૂપી જ્વર શો ?

નિઃસ્પૃહ વિદ્વાનની રાજા પ્રત્યે ઉક્તિ

त्वं राजा वयमप्युपासितगुरुप्रज्ञाभिमानोन्नताः
ख्यातस्त्वं विभवैर्यशांसि कवयो दिक्षु प्रतन्वन्ति नः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इत्थं मानद नातिदूरमुभयोरप्यावयोरन्तरं
यद्यस्मासु पराङ्मुखोऽसि वयमप्येकान्ततो निःस्पृहाः॥२४

તું રાજા છે, તો અમે પણ ગુરુસેવાથી પ્રાપ્ત કરેલી બુદ્ધિના અભિમાનથી ઉન્નત છીએ. તું વૈભવથી વિખ્યાત છે; તો કવિઓ અમારા પણ જશ બધી દિશાઓમાં ફેલાવે છે. હે માની રાજા! આ પ્રમાણે આપણા બેની વચ્ચે ઝાઝો તફાવત નથી. જો તું અમારા તરફથી મોં ફેરવી લે છે, તો અમે પણ તદ્દન નિઃસ્પૃહ છીએ.

રાજાભિમાનની પોકળતા

अभुक्तायां यस्यां क्षणमपि न यातं नृपशतै-
र्भुवस्तस्या लाभे क इव बहुमानः क्षितिभुजाम्।
तदंशस्याप्यंशे तदवयवलेशेऽपि पतयो
विषादे कर्तव्ये विदधति जडाः प्रत्युत मदम्॥ २५॥

જે પૃથ્વીને સેંકડો રાજાઓએ ભોગવ્યા સિવાય એક ક્ષણ પણ છોડી નથી, તે પૃથ્વી મળતાં રાજાઓને આટલું બધું અભિમાન કેમ થતું હશે? જ્યારે તે પૃથ્વીના અંશનો પણ અંશ અને તેનો પણ ટૂકડો, તેમને માલિકીમાં મળે, ત્યારે શોક કરવો યોગ્ય છે; છતાં તે જડ રાજાઓ ઊલટા મદ કરે છે.

मृत्पिण्डो जलरेखया वलयितः सर्वोऽप्ययं नन्वणु-
रङ्गीकृत्य स एव संयुगशतै राज्ञां गणैर्भुज्यते।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नो दद्युर्ददतेऽथवा किमपि ते क्षुद्रा दरिद्रा भृशं
धिग्धिक् तान् पुरुषाधमान् धनकणं वाञ्छन्ति तेभ्योऽपि ये

(આ પૃથ્વી) માટીનો પિંડો છે અને તે જલરેખાથી (સમુદ્રથી) વીંટળાયેલો છે, અને તે આખો ય ખરેખર બહુ નાનો છે. સેંકડો યુદ્ધોમાં તેને જીતી લઈને (સ્વીકારીને) અનેક રાજાઓ તેને ભોગવે છે. તે ક્ષુદ્ર, દરિદ્ર રાજાઓ તેમાંથી કંઈક દાનમાં આપે અથવા નથી પણ આપતા. તેવા રાજાઓની પાસેથી જે લોકો ધનના એક કણની ઇચ્છા રાખે છે, તેવા અધમ પુરુષોને વારંવાર ધિક્કાર હો !

બેકદર રાજાઓ

न नटा न विटा न गायका न परद्रोहनिबद्धबुद्धयः।
नृपसद्मनि नाम के वयं कुचभारानमिता न योषितः॥२७

અમે નથી નટ, નથી વિટ (પરસ્ત્રીલંપટ), નથી ગાયક, નથી બીજાઓનો દ્રોહ કરવાની બુદ્ધિવાળા, કે નથી સ્તનના ભારથી લચી પડેલી યુવતીઓ: રાજસભામાં અમે કોણ માત્ર? (અમારો શો હિસાબ? રાજાઓને તો ઉપલા પ્રકારના અધમ માણસોનો ખપ છે. તેમને જ તેઓ આશ્રય આપે છે.)

વિદ્યાની અધોગતિ

पुरा विद्वत्तासीदुपशमवतां क्लेशहतये
गता कालेनासौ विषयसुखसिद्धयै विषयिणाम् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इदानीं तु प्रेक्ष्य क्षितितलभुजः शास्त्रविमुखान्
अहो कष्टं सापि प्रतिदिनमधोऽधः प्रविशति ॥ २८ ॥

પહેલાં ચિત્તશાંતિવાળા પુરુષોની વિદ્વત્તા તેમનો સંસારક્લેશ હણતી (દૂર કરતી). વખત જતાં તે વિષયી પુરુષોને વિષયસુખ પ્રાપ્ત કરવાના સાધનરૂપ બની ગઈ. હવે રાજાઓને શાસ્ત્રોમાં રુચિવિનાના જોઈને તે રોજરોજ તેથી પણ વધારે અધોગતિ પામે છે, તે ખરેખર ખૂબ શોકજનક છે.

શૌર્યનું મિથ્યાભિમાન

स जातः कोऽप्यासीन्मदनरिपुणा मूर्ध्नि धवलं
कपालं यस्योच्चैर्विनिहितमलङ्कारविधये ।
नृभिः प्राणत्राणप्रवणमतिभिः कैश्चिदधुना
नमद्भिः कः पुंसामयमतुलदर्पज्वरभरः ॥ २९ ॥

જેની ધવલ ખોપરીને શણગાર તરીકે શંકર ભગવાને પોતાના મસ્તક પર ઊંચે ધારણ કરી છે, તેવો (શૂર) પુરુષ તો કોઈક જ જન્મી ગયો. (શંકર ભગવાન મહા શૂરવીર પુરુષના મરણ પછી તેની ખોપરી રુંઢમાળામાં આભૂષણરૂપે ધારણ કરે છે તેવી માન્યતા છે.) હવે તો પોતાનો પ્રાણ (કોઈ પણ પ્રકારે) બચાવવામાં જ લાગી રહેલી બુદ્ધિવાળા કેટલાક લોકો તેમને નમન કરે છે અને એટલામાં તો (એ મિથ્યાશૂર લોકોને) આટલો બધો અતુલ દર્પરૂપી જ્વર વધી જાય છે, તે કેવી (બેહૂદી) વાત છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિઃસ્પૃહ વિદ્વાનની રાજા પ્રત્યે ઉક્તિ

अर्थानामीशिषे त्वं वयमपि च गिरामीश्महे यावदर्थं
शूरस्त्वं वादिदर्पज्वरशमनविधावक्षयं पाटवं नः ।
सेवन्ते त्वां धनाढ्या मतिमलहतये मामपि श्रोतुकामा
मय्यप्यास्था न चेत्तत्त्वयि मम सुतरामेष राजन्गतोऽस्मि ॥

હે રાજા! તું દ્રવ્યનો માલિક છે, તો અમે પણ સકલ અર્થ સહિત વાણીના માલિક છીએ. તું શૂરવીર છે, તો પ્રતિવાદીઓના મદરૂપી જ્વરને (વાદવિવાદમાં) શાંત પાડવાની વિધિમાં અમે પણ અક્ષય ચતુરાઈ ધરાવીએ છીએ. ધની પુરુષો તારી સેવા કરે છે, તો પોતાની બુદ્ધિના દોષને દૂર કરવા માટે શાસ્ત્રશ્રવણ કરવાની ઇચ્છાવાળા (શિષ્યો) અમારી પણ સેવા કરે છે. જો તને અમારી કંઈ નથી પડી, તો અમને તારી બિલકુલ નથી પડી. અમે આ ચાલ્યા.

સંસારમાંથી ઉપરતિ

अतिक्रान्तः कालो लटभललनाभोगसुभगो
भ्रमन्तः श्रान्ताः स्मः सुचिरमिह संसारसरणौ ।
इदानीं स्वःसिन्धोस्तटभुवि समाक्रन्दनगिरः
सुतारैः फूत्कारैः शिवशिव शिवेति प्रतनुमः ॥ ३१ ॥

લટકાંવાળી લલનાઓના ઉપભોગથી રમણીય બનેલો અમારો સમય વીતી ગયો. હવે અમે લાંબા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખત સુધી આ સંસારમાર્ગમાં ભ્રમણ કરતાકરતા થાકી ગયા છીએ. હવે તો ગંગાનદીના તટપ્રદેશ ઉપર, આક્રંદ કરતી વાણીવાળા અમે, દીર્ઘ સ્વરથી, ‘શિવ, શિવ, શિવ’ એમ સતત ઉચ્ચાર કરીએ છીએ.

દુર્દશામાં ભગવન્નામસ્મરણ જ શરણ છે

माने म्लायिनि खण्डिते च वसुनि व्यर्थं प्रयातेऽर्थिनि
क्षीणे बन्धुजने गते परिजने नष्टे शनैर्यौवने ।
युक्तं केवलमेतदेव सुधियां यज्जह्नुकन्यापयः
पूतग्रावगिरीन्द्रकन्दरदरीकुञ्जे निवासः क्वचित् ॥ ३२ ॥

જ્યારે પ્રતિષ્ઠાનો ભંગ થાય, પૈસોટકો ચાલ્યો જાય, માગણ લોકો પોતાની ઇચ્છા પૂર્ણ થયા સિવાય જ ચાલ્યા જાય, સગાંવહાલાં મરી પરવારે, નોકરચાકર જતા રહે, જુવાની ધીમેધીમે પૂરી થાય, ત્યારે બુદ્ધિશાળી પુરુષોએ ગંગાનદીના પાણીથી પવિત્ર થયેલા પથરાવાળા ગિરિરાજ હિમાલયની કંદરાની કોઈ ગુફાની કુંજમાં કોઈ જગ્યાએ રહેવા જવું તે જ માત્ર ઉચિત છે.

હૃદયપ્રસાદની ઉત્તમતા

परेषां चेतांसि प्रतिदिवसमाराध्य बहुधा
प्रसादं किं नेतुं विशसि हृदयं क्लेशकलिलम् ।
प्रसन्ने त्वय्यन्तः स्वयमुदितचिन्तामणिगुणे
विमुक्तः संकल्पः किमभिलषितं पुष्यति न ते ॥३३॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હે હૃદય, બીજાઓના ચિત્તનું રોજરોજ અનેક પ્રકારે આરાધન કરીને, તેમને રાજી કરવા શા માટે તું ક્લેશના કીચડમાં ફસાય છે? જેનામાં ચિંતામણિ (દરેક ઇચ્છા પૂર્ણ કરવાની શક્તિવાળા મણિ)ના ગુણ આપોઆપ પ્રગટ થયા છે, એવું તું જ જ્યારે અંદરથી જ પ્રસન્નતા પ્રાપ્ત કરીશ, ત્યારે છૂટી ગયેલો તારો સંકલ્પ તારા કયા અભિલાષ નહિ પૂરે? (અર્થાત્ બધી ઇચ્છાઓ સફળ થશે.)

વૈરાગ્ય જ અભય પદ છે

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद् भयं
मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम्।
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद् भयं
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम्॥ ३४

ભોગમાં રોગનો ભય છે, કુળમાં લાંછનનો ભય છે, ધનમાં રાજાનો (હરી લેવાનો) ભય છે, મૌનમાં દીનતાનો ભય છે, બળમાં શત્રુનો ભય છે, રૂપમાં વૃદ્ધાવસ્થાનો ભય છે, શાસ્ત્રમાં વાદવિવાદ થવાનો (અને હારજીતનો) ભય છે, ગુણમાં દુર્જનનો ભય છે (દુર્જનો ગુણોમાં પણ દોષારોપણ કરે છે), શરીરમાં મૃત્યુનો ભય છે–આવી રીતે જગતમાં માણસોને સઘળી વસ્તુઓ ભયથી યુક્ત છે, માત્ર વૈરાગ્ય જ અભય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપી પેટ ખાતર

अमीषां प्राणानां तुलितबिसिनीपत्रपयसां
कृते किं नास्माभिर्विगलितविवेकैर्व्यवसितम् ।
यदाढ्यानामग्रे द्रविणमदनिःशङ्कमनसां
कृतं वीतव्रीडैर्निजगुणकथापातकमपि ॥ ३५ ॥

કમળપત્ર પર રહેલા (અસ્થિર) પાણીના ટીપા જેવા આ પ્રાણની ખાતર વિવેકશૂન્ય થઈ અમે શું શું નથી કર્યું ? ધનના મદથી જેમનું ચિત્ત ઉન્મત્ત થઈ ગયું છે, તેવા ધનિક લોકો સામે, લજ્જારહિત થઈને, અમારા પોતાના ગુણોનું કથન કરવારૂપ પાપ પણ અમે કર્યું.

કાળનો પ્રભાવ

सा रम्या नगरी महान् स नृपतिः सामन्तचक्रं च तत्
पार्श्वे तस्य च सा विदग्धपरिषत्ताश्चन्द्रबिम्बाननाः।
उद्रिक्तः स च राजपुत्रनिवहस्ते बन्दिनस्ताः कथा :
सर्वं यस्य वशादगात्स्मृतिपथं कालाय तस्मै नमः ॥३६॥

તે રમ્ય નગરી, તે મહાન રાજા, તે ખંડિયા રાજાઓનું મંડળ, તેની પડખે પંડિતોની સભા, તે ચંદ્રમુખી સ્ત્રીઓ, તે વીરરસવાળા રાજકુમારોનો સમુદાય, તે બંદીઓ (સ્તુતિપાઠકો), અને તે કથાઓ —આ સઘળું જેના પ્રભાવથી સ્મૃતિને માર્ગે ચાલ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયું (માત્ર સંભારવાનું જ રહ્યું—નાશ પામી ગયું), તે કાળને નમસ્કાર હો.

वयं येभ्यो जाताश्चिरपरिगता एव खलु ते
सम यैः संवृद्धाः स्मृतिविषयतां तेऽपि गमिताः।
इदानीमेते स्मः प्रतिदिवसमासन्नपतना
गतास्तुल्यावस्थां सिकतिलनदीतीरतरुभिः॥ ३७॥

અમે જેનાથી જન્મ્યા તે (અમારાં માબાપ) તો ક્યારનાં યે ચાલ્યાં ગયાં છે. અમે જેમની સાથે મોટા થયા તે (સગાંવહાલાં) પણ માત્ર સ્મરણનો જ વિષય બની ગયાં છે; (અર્થાત્ મરી ગયાં છે.) હવે તો રોજરોજ જેમનું પતન (મરણ) પાસે આવે છે તેવા અમે નદીના રેતાળ ભાઠા પરના વૃક્ષની સમાન દશા પામ્યા છીએ. (નદી પરનું વૃક્ષ, પૂર આવે ત્યારે, ગમે તે વખતે, તણાઈ જવાની સંભવિતતા ધરાવે છે.)

કાળની ચોપાટ

यत्रानेकः क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैको
यत्राप्येकस्तदनु बहवस्तत्र चान्ते न चैकः।
इत्थं चेमौ रजनिदिवसौ दोलयन् द्वाविवाक्षौ
कालः काल्या भुवनफलके क्रीडति प्राणिशारैः॥३८॥

જ્યાં એક ઘરમાં અનેક માણસો હતાં, ત્યાં માત્ર એક જ બાકી રહે છે. જ્યાં એક હતો, ત્યાં પછીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુ માણસો થયા અને પછી અંતમાં એક પણ બાકી ન રહ્યું. આ પ્રમાણે રાત અને દિવસના બે પાસાં ફેંકતો કાળ પ્રાણીઓરૂપી સોગટીઓથી સંસારરૂપી ચોપાટ ઉપર કાલી (તેની પત્ની) સાથે ખેલે છે.

ટૂંકા જીવનમાં શું કરવું અને શું નહિ?

तपस्यन्तः सन्तः किमधिनिवसामः सुरनदीं
गुणोदारान् दारानुत परिचरामः सविनयम् ।
पिबामः शास्त्रौघानुत विविधकाव्यामृतरसान्
न विद्मः किं कुर्मः कति पयनिमेषायुषि जने ॥३९॥

શું તપ કરતાકરતા અમે ગંગાનદી પર વાસ કરીએ કે ઉદાર ગુણવાળી સ્ત્રીનું વિનયપૂર્વક સેવન કરીએ કે (વેદાંત વગેરે) શાસ્ત્રસમૂહનું તથા અનેક પ્રકારના કાવ્યામૃતના રસનું પાન કરીએ? અમે જાણી શકતા નથી કે માત્ર થોડીક જ ક્ષણ ટકનાર આયુષવાળા જીવનમાં અમે શું કરીએ?

ધન્ય દિવસ

गङ्गातीरे हिमगिरिशिलाबद्धपद्मासनस्य
ब्रह्मध्यानाभ्यसनविधिना योगनिद्रां गतस्य ।
किं तैर्भाव्यं मम सुदिवसैर्यत्र ते निर्विशङ्काः
कण्डूयन्ते जरठहरिणाः स्वाङ्गमङ्गे मदीये ॥४०॥

શું એવા મારા ધન્ય દિવસો આવશે, જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાના તીર ઉપર, હિમાલય પર્વતની શિલા ઉપર પદ્માસન વાળીને, બ્રહ્મધ્યાનનો અભ્યાસ કરવાના વિધિથી યોગનિદ્રા પામેલા મારા શરીર સાથે, જરા પણ ભય વગર વૃદ્ધ હરિણ એમનું અંગ (તેમને આવતી ચળ દૂર કરવા માટે) ઘસશે?

કયારે ?

स्फुरत्स्फारज्योत्स्नाधवलिततले क्वापि पुलिने
सुखासीनाः शान्तध्वनिषु रजनीषु द्युसरितः ।
भवाभोगोद्विग्नाः शिवशिवशिवेत्यार्तवचसा
कदा स्यामानन्दोद्गतबहुलबाष्पाप्लुतदृशः ॥४१॥

નિઃશબ્દ રાત્રિમાં, ખૂબ ખીલેલી ચાંદની વડે ધવલ બનેલા ગંગાનદીના ભાઠા ઉપર સુખપૂર્વક બેઠેલો, સંસારના વિસ્તારથી કંટાળેલો અને આનંદને લીધે જેની આંખો બહુ આંસુથી ઉભરાઈ ગઈ છે, તેવો હું 'શિવ, શિવ, શિવ,' એમ દીન ઉચ્ચાર કયારે કરીશ?

એક ઇચ્છા

महादेवो देवः सरिदपि च सैवामरसरिद्
गुहा एवागारं वसनमपि ता एव हरितः ।
सुहृद्वा कालोऽयं व्रतमिदमदैन्यव्रतमिदं
कियद्वा वक्ष्यामो वटविटप एवास्तु दयिता ॥४२॥

મહાદેવ જ (અમારો પૂજ્ય) દેવ છે, ગુફા એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર છે, દિશાઓ જ વસ્ત્ર છે (અર્થાત્ દિગંબર-નગ્ન રહીને), કાલ એ જ મિત્ર છે, (કોઈ દિવસ) દીનતા ધારણ ન કરવી એ જ વ્રત છે—વધારે કેટલું કહીએ? —વડની શાખા જ અમારી પ્રિયા છે (અર્થાત્ વિરક્ત પુરુષને આ વસ્તુઓ જ વહાલી લાગે છે.)

આશાનદીની પેલે પાર

आशा नाम नदी मनोरथजला तृष्णातरङ्गाकुला
रागग्राहवती वितर्कविहगा धैर्यद्रुमध्वंसिनी ।
मोहावर्तसुदुस्तरातिगहना प्रोत्तुङ्गचिन्तातटी
तस्याः पारगता विशुद्धमनसो नन्दन्ति योगीश्वराः ॥४३॥

આશા નામની નદી છે. તેમાં મનોરથરૂપી જલ વહે છે. તે તૃષ્ણારૂપી તરંગોથી ભરપૂર છે. તેમાં આસક્તિરૂપી મગર છે, ત્યાં વિતર્કરૂપી પંખીઓ ઊડે છે. તે ધૈર્યરૂપી વૃક્ષને ઉખાડી નાંખે છે. મોહરૂપી ઘૂમરી તેમાં હોવાથી તેને તરવી કઠિન છે. તે બહુ ઊંડી છે. તેને ચિંતારૂપી ઊંચા તટ છે. તે આશાનદીની પેલે પાર ગયેલા, વિશુદ્ધ અંતઃકરણવાળા શ્રેષ્ઠ યોગીઓ બ્રહ્માનંદ ભોગવે છે.

મદનજયની કઠિનતા

आसंसारं त्रिभुवनमिदं चिन्वतां तात तादृङ्-
नैवास्माकं नयनपदवीं श्रोत्रवर्त्मागतो वा ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

योऽयं धत्ते विषयकरिणीगाढगूढाभिमान-
क्षीबस्यान्तःकरणकरिणः संयमालानलीलाम् ॥ ४४ ॥

હે તાત! સંસાર પર્યંત ત્રણેય ભુવનમાં ખોળતાં અમારી નજરે તેવો પુરુષ નથી પડ્યો અથવા અમે તેવા પુરુષની વાત પણ નથી સાંભળી, કે જે વિષયપદાર્થોરૂપી હાથણી ઉપર દૃઢ રીતે બંધાયેલી ગૂઢ આસક્તિથી મદોન્મત્ત થયેલા અંતઃકરણરૂપી હાથીને સંયમરૂપી બંધનસ્તંભે બાંધવાની લીલા (ચેષ્ટા) (સફળતાથી) કરી શકે.

વ્યુત્થાનસમયે પૂર્વસ્મૃતિ

ये वर्तन्ते धनपतिपुरः प्रार्थनादुःखभाजो
ये चाल्पत्वं दधति विषयाक्षेपपर्यस्तबुद्धेः ।
तेषामन्तःस्फुरितहसितं वासराणां स्मरेयं
ध्यानच्छेदे शिखरिकुहरग्रावशय्यानिषण्णः ॥ ४५ ॥

જે દિવસો ધનાઢ્ય પુરુષોની આગળ પ્રાર્થના કરવી પડતી હોવાથી દુઃખમય અનુભવાતા, અને જે દિવસો વિષયપદાર્થોની બળપૂર્વક પ્રાપ્તિ કરવા માટે વિપરીત બનેલી બુદ્ધિને બહુ જ ટૂંકા ભાસતા હતા, તે દિવસોનું ધ્યાનમાંથી વ્યુત્થાન થાય ત્યારે, પર્વતની ગુફાના પથરારૂપી શય્યામાં બેઠેલો હું, અંદર મનમાં (અજ્ઞાન અવસ્થાની મૂર્ખાઈનું ભાન થવાથી) હસતાંહસતાં, સ્મરણ કરું તેવી મારી ઇચ્છા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મ વ્યર્થ ગયો

विद्या नाधिगता कलङ्करहिता वित्तं च नोपार्जितं
शुश्रूषापि समाहितेन मनसा पित्रोर्न संपादिता ।
आलोलायतलोचना युवतयः स्वप्नेऽपि नालिङ्गिताः
कालोऽयं परपिण्डलोलुपतया काकैरिव प्रेरितः ॥ ४६ ॥

નિષ્કલંક વિદ્યા ન મેળવી, દ્રવ્ય ન કમાયા, એકાગ્ર ચિત્તથી માતાપિતાની સેવાશુશ્રૂષા પણ ન કરી, ચંચળ વિશાળ નેત્રોવાળી સ્ત્રીઓને સ્વપ્નમાં પણ આલિંગન ન આપ્યું. માત્ર પારકાના અન્નનો લોભ કરીને, કાગડાની પેઠે, બધો સમય વ્યતીત કર્યો.

એક ઇચ્છા

वितीर्णे सर्वस्वे तरुणकरुणापूर्णहृदयाः
स्मरन्तः संसारे विगुणपरिणामावधिगतीः ।
वयं पुण्यारण्ये परिणतशरच्चन्द्रकिरणा-
स्त्रियामा नेष्यामो हरचरणचित्तैकशरणाः ॥४७॥

(માગણ લોકોને) સર્વસ્વ દાનમાં આપી દઈને અત્યંત કરુણાથી ભરેલા હૃદયવાળા, સંસારમાં સર્વે પદાર્થોની ગતિ અંતમાં ગુણરહિત પરિણામવાળી (નાશવાળી) છે એ વાતને યાદ કરતા, અને ભગવાન શંકરના ચરણમાં જ માત્ર જેણે શરણ લીધું છે તેવા ચિત્તવાળા, અમે પવિત્ર અરણ્યમાં શરદઋતુની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાંદનીવાળી રાત્રિઓ ગાળીશું.

રાજા પ્રત્યે ત્યાગીની ઉક્તિ

वयमिह परितुष्टा वल्कलैस्त्वं च लक्ष्म्या
सम इह परितोषो निर्विशेषो विशेषः ।
स तु भवति दरिद्रो यस्य तृष्णा विशाला
मनसि च परितुष्टे कोऽर्थवान् को दरिद्रः ॥४८॥

અમે વલ્કલથી સંતોષ માન્યો છે, તેં લક્ષ્મીથી. સંતોષ તો બન્નેને સમાન છે. તેમાં શો ફેર છે? જેની તૃષ્ણા મોટી છે તે દરિદ્ર છે; મન સંતુષ્ટ થયું, ત્યાં કોણ પૈસાદાર અને કોણ ગરીબ?

તપનું ફળ

यदेतत्स्वच्छन्दं विहरणमकार्पण्यमशनं
सहार्यैः संवासः श्रुतमुपशमैकव्रतफलम् ।
मनो मन्दस्पन्दं बहिरपि चिरस्यापि विमृशन्
न जाने कस्यैषा परिणतिरुदारस्य तपसः ॥४९॥

મરજી મુજબ વિહાર, દીનતાવગરનું ભોજન, સજ્જનો સાથે રહેવાનું, ચિત્તની શાંતિરૂપ વ્રતને આપનારું શાસ્ત્રશ્રવણ, ચંચલતારહિત મન (બાહ્ય વિષયપદાર્થોમાં ગતિ ન કરતું મન)–ખૂબ વિચાર કરતાં પણ મને સમજાતું નથી કે કયા ઉદાર તપનું આ પરિણામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધન્ય યોગીઓ

पाणिः पात्रं पवित्रं भ्रमणपरिगतं भैक्ष्यमक्षय्यमन्नं
विस्तीर्णं वस्त्रमाशासुदशकममलं तल्पमस्वल्पमुर्वी ।
येषां निःसंगतांगीकरणपरिणतिः स्वात्मसंतोषिणस्ते
धन्याः संन्यस्तदैन्यव्यतिकरनिकराः कर्म निर्मूलयन्ति

હાથરૂપી પવિત્ર પાત્ર, ભ્રમણ કરીને મેળવેલું ભિક્ષારૂપી અક્ષય્ય અન્ન, નિર્મળ દશ દિશાઓરૂપી વિશાળ વસ્ત્ર, પૃથ્વીરૂપી પહોળી પથારી, જેમને નિઃસંગતાના અંગીકારનું પરિણામ પ્રાપ્ત થયું છે, જેઓ પોતાના આત્મામાં જ સંતોષ માને છે, જેમણે દીનતાભર્યાં કર્મોના સમૂહનો ત્યાગ કર્યો છે તેવા ભાગ્યશાળી યોગીઓ પોતાના કર્મનો સંપૂર્ણપણે નાશ કરે છે.

તપ એ જ શ્રેય

दुराराध्यः स्वामी तुरगचलचित्ताः क्षितिभुजो
वयं तु स्थूलेच्छा महति च पदे बद्धमनसः ।
जरा देहं मृत्युर्हरति सकलं जीवितमिदं
सखे नान्यच्छ्रेयो जगति विदुषोऽन्यत्र तपसः ॥५१॥

માલિકને (રાજાને) પ્રસન્ન કરવો એ બહુ કઠણ છે, (કારણ કે) રાજાઓનું મન ઘોડાની પેઠે ચંચળ હોય છે. અમારી ઇચ્છા બહુ મોટી છે, અને (બ્રહ્મ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તત્ત્વરૂપી) મહાન પદમાં અમે અમારું મન પરોવ્યું છે. વૃદ્ધાવસ્થા શરીરને ક્ષીણ કરી નાંખે છે, અને મૃત્યુ આખા આ જીવતરને હરી લે છે. હે મિત્ર! જગતમાં વિદ્વાન માટે તપ કરતાં બીજું કોઈ શ્રેય નથી.

યોગની શ્રેષ્ઠતા

भोगा मेघवितानमध्यविलसत्सौदामिनीचञ्चला
आयुर्वायुविघट्टिताभ्रपटलीलीनाम्बुवद् भंगुरम् ।
लोला यौवनलालसा तनुभृता मित्याकलय्य द्रुतं
योगे धैर्यसमाधिसिद्धिसुलभे बुद्धिं विदध्वं बुधाः ॥५२॥

ભોગ મેઘના ચંદરવામાં ચમકતી વીજળી પેઠે ચંચળ છે. આયુષ વાયુએ વીખેરી નાંખેલાં વાદળાંમાં રહેલા પાણી પેઠે ક્ષણભંગુર છે. પ્રાણીઓની યૌવન-લાલસા ચંચળ છે—એમ સમજીને, હે ડાહ્યાં મનુષ્યો! જલદીથી ધૈર્યપૂર્વકની સમાધિસિદ્ધિથી સુલભ યોગમાં બુદ્ધિ કરો (જોડો).

કુટુંબીઓમાં દીન જીવન કરતાં માની (ભિક્ષાટન સારું

पुण्ये ग्रामे वने वा महति सितपटच्छन्नपालीं कपालीं
आदाय न्यायगर्भद्विजहुतहुतभुग्धूमधूम्रोपकण्ठम् ।
द्वारंद्वारं प्रवृत्तो वरमुदरदरीपूरणाय क्षुधार्तो
मानी प्राणी स धन्यो न पुनरनुदिनं तुल्यकुल्येषु दीनः ॥५३॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પવિત્ર ગામમાં અથવા મોટા વનમાં, શ્વેત વસ્ત્રથી ઢાંકેલી હાંલ્લી લઈને, ન્યાયના જાણકાર બ્રાહ્મણો વડે હોમ અપાયેલા અગ્નિના ધુમાડાથી કાળાં પડી ગયેલાં ચોકઠાવાળાં એક દ્વારથી બીજે દ્વાર પેટનો ખાડો પૂરવા માટે ભટકતો, ભૂખથી પીડાયલો, માની પ્રાણી ધન્ય છે; પણ રોજરોજ પોતાનું જીવન જે સમાન-કુળવાળાં સગાંમાં ગાળે છે તેવો હીન પુરુષ નહિ.

સગાંવહાલાંમાં ગરીબાઈથી રહેવા કરતાં વનવાસ સારો

वरं वनं व्याघ्रगजेन्द्रसेवितं
द्रुमालये पक्वफलाम्बुभोजनम् ।
तृणानि शय्या परिधानवल्कलं
न बन्धुमध्ये धनहीनजीवितम् ॥ ५४॥

વાઘ અને શ્રેષ્ઠ હાથીઓ જેમાં રહે છે તેવું વન સારું, ઝાડની ઝાડીમાં પાકાં ફળ અને પાણીનું ભોજન સારું, ઘાસનો સાથરો અને વલ્કલ પહેરવાં સારાં—પણ સગાંવહાલાં વચ્ચે ગરીબાઈનું જીવન ખોટું.

યોગીઓની સમતા

चाण्डालः किमयं द्विजातिरथवा शूद्रोऽथ किं तापसः
किं वा तत्त्वविवेकपेशलमतिर्योगीश्वरः कोऽपि किम् ।
इत्युत्पन्नविकल्पजल्पमुखरैः संभाष्यमाणा जनै-
र्न क्रुद्धाः पथि नैव तुष्टमनसो यान्ति स्वयं योगिनः ॥५५॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શું આ ચાંડાલ છે? કે બ્રાહ્મણ છે? અથવા શૂદ્ર છે? કે તપસ્વી છે? અથવા તત્ત્વનો વિવેક કરવાથી સૂક્ષ્મ બનેલી બુદ્ધિવાળો કોઈ યોગીશ્વર છે?' આ પ્રમાણે ઉત્પન્ન થયેલા અનેક વિકલ્પોને લઈને ગમેતેમ બકવાદ કરતા મનુષ્યો વડે ગમેતેમ બોલાતાં છતાં પણ, ન તો ક્રોધ પામતા અથવા ન તો મનમાં રાજી થતા યોગીઓ પોતપોતાને માર્ગે ચાલ્યા જાય છે.

બડભાગી યોગીઓ

सखे धन्याः केचित् त्रूटितभवबन्धव्यतिकरा
वनान्ते चित्तांतर्विषमविषयाशीविषगताः ।
शरच्चन्द्रज्योत्स्नाधवलगगनाभोगसुभगां
नयन्ते ये रात्रिं सुकृतचयचित्तैकशरणाः ॥५६॥

હે મિત્ર! જેમનો સંસારના બંધનનો સંબંધ તૂટી ગયો છે, જેમના ચિત્તમાંથી ભયંકર વિષયોરૂપી સાપ નિર્મૂળ થયા છે, અને જેમના ચિત્તનું એક માત્ર શરણ પુણ્યનો સંચય કરવામાં જ રહેલું છે તેવા કોઈક ધન્ય પુરુષો (યોગીઓ) વનમાં શરદઋતુના ચન્દ્રથી ધવલ બનેલા આકાશના વિસ્તારથી રમણીય બનેલી રાત્રિ ગાળે છે.

મનને બે બોલ

एतस्माद्विरमेन्द्रियार्थगहनादायासदादाश्रय
श्रेयोमार्गमशेषदुःखशमनव्यापारदक्षं क्षणात् ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शान्तं भावमुपैहि संत्यज निजां कल्लोललोलां गतिं
मा भूयो भज भङ्गुरां भवरतिं चेतः प्रसीदाधुना ॥ ५७ ॥

હે ચિત્ત! દુઃખ આપનાર ઇંદ્રિયોના પદાર્થોની ઝાડીમાંથી પાછું ફર. ક્ષણમાં સઘળાં દુઃખને શાંત કરવાની ક્રિયામાં કુશળ કલ્યાણમાર્ગનો સંપૂર્ણપણે આશ્રય કર. શાંત ભાવને પ્રાપ્ત કર. તરંગ જેવી તારી ચંચળ ગતિ છોડી દે. ફરીથી સંસારની ક્ષણિક પ્રીતિનું સેવન ન કર. હવે તો તું પ્રસન્ન થા.

ચિત્ત પ્રતિ

पुण्यैर्मूलफलैः प्रियप्रणयिनीं वृत्तिं कुरुष्वाधुना
भूशय्यां नववल्कलैरकरुणैरुत्तिष्ठ यामो वनम् ।
क्षुद्राणामविवेकमूढमनसां यत्रेश्वराणां सदा
चित्तव्याध्यविवेकविह्वलगिरां नामापि न श्रूयते ॥ ५८ ॥

(હે ચિત્ત!) પવિત્ર મૂળ તથા ફળથી બહુ જ પ્રિય લાગે તેવી તથા પ્રીતિ ઉત્પન્ન કરે તેવી આજીવિકા હવે ચલાવ. પૃથ્વી પર પથારી કર. અકૃત્રિમ, નવાં વલ્કલનાં વસ્ત્ર પહેર. ઊઠ, વનમાં જઈએ, જ્યાં ક્ષુદ્ર, અવિવેકને લઈને મૂઢ મનવાળા, ચિત્તના વ્યાધિરૂપ અવિવેકથી જેમની વાણી અવ્યવસ્થિત થઈ ગઈ છે, તેવા પૈસાદાર લોકોનું કોઈ દિવસ નામ પણ સંભળાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિત્તને શિખામણ

मोहं मार्जय तामुपार्जय रतिं चन्द्रार्धचूडामणौ
चेतः स्वर्गतरंगिणीतटभुवामासङ्गमङ्गीकुरु ।
को वा वीचिषु बुद्बुदेषु च तडिल्लेखासु च स्त्रीषु च
ज्वालाग्रेषु च पन्नगेषु च सरिद्वेगेषु च प्रत्ययः ॥૫૯॥

હે ચિત્ત! મોહને દૂર કર. જેમના મસ્તક પર બીજનો ચંદ્ર બિરાજે છે તેવા શંકર ભગવાન પર પ્રેમ કર. ગંગાનદીના તટપ્રદેશનો સંગ સ્વીકાર. મોજાંમાં, પરપોટામાં, વીજળીના ચમકારમાં, સ્ત્રીઓમાં અગ્નિજવાલાના અગ્રભાગમાં, સર્પમાં અને નદીના વેગમાં વિશ્વાસ શો રાખવો? (અર્થાત્ એ સઘળાં ચંચળ છે.)

કાં તો રાજવૈભવ કે કાં તો યોગીજીવન

अग्रे गीतं सरसकवयः पार्श्वतो दाक्षिणात्याः
पृष्ठे लीलावलयरणितं चामरग्राहिणीनाम् ।
यद्यस्त्येवं कुरु भवरसास्वादने लम्पटत्वं
नो चेच्चेतः प्रविश सहसा निर्विकल्पे समाधौ ॥ ૬૦ ॥

હે ચિત્ત! જો તારી આગળ સંગીત ચાલતું હોય, સરસ (રસશાસ્ત્રમાં નિપુણ) દક્ષિણ દેશના કવિઓ પાસે હોય, પાછળ (ઊભી રહીને) ચામર ઢોળનાર સ્ત્રીઓનાં કંકણનો લીલામય ધ્વનિ (સંભળાતો) હોય, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો સંસારરસનું આસ્વાદન કરવામાં લાલચ રાખ; નહિ તો જલદીથી નિર્વિકલ્પ સમાધિમાં પ્રવેશ કર.

સુંદરીઓ નરકમાંથી નહિ તારે

विरमत बुधा योषित्संगात्सुखात् क्षणभंगुरात्
कुरुत करुणामैत्रीप्रज्ञावधूजनसंगमम् ।
न खलु नरके हाराक्रान्तं घनस्तनमण्डलं
शरणमथवा श्रोणीबिम्बं रणन्मणिमेखलम् ॥ ६१ ॥

હે પંડિતો ! સુખદાયી પણ ક્ષણિક સ્રીસંગમાંથી અટકી જાઓ. કરુણા, મૈત્રી અને પ્રજ્ઞારૂપી સ્રીઓનો સંગ કરો. હારોથી સુશોભિત પુષ્ટ સ્તનમંડળ અથવા ઝણઝણતા મણિના કંદોરાથી શોભતું કટિમંડળ (કેડ) નરકમાં શરણ નહિ થાય (નહિ બચાવે) એ તદ્દન સાચી વાત છે.

નિઃસ્પૃહીની લક્ષ્મી પ્રત્યે ઉક્તિ

मातर्लक्ष्मि भजस्व कंचिदपरं मत्कांक्षिणी मा स्म भू-
र्भोगेभ्यः स्पृहयालवो न हि वयं का निःस्पृहाणामसि ।
सद्यःस्यूतपलाशपत्रपुटिकापात्रे पवित्रीकृते
भिक्षासक्तुभिरेव संप्रति वयं वृत्तिं समीहामहे ॥ ६२ ॥

હે લક્ષ્મીમાતા ! બીજા કોઈની પાસે જા. મારી આશા છોડી દે. અમે હવે ભોગની ઇચ્છા નથી રાખતા. અને નિઃસ્પૃહ લોકોને તું શી વિસાતમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ? અમે તો હવે તાજા જ સીવેલા ખાખરાનાં પાંદડાંના પવિત્ર કરાયલા પડિયાંરૂપી પાત્રમાં, ભિક્ષા માગીને આણેલા સાથવાથી, આજીવિકા ચલાવવાની ઇચ્છા રાખીએ છીએ.

આસક્તિની એકતાનો વૈરાગ્યથી ભંગ

यूयं वयं वयं यूयमित्यासीन्मतिरावयोः ।
किं जातमधुना येन यूयं यूयं वयं वयम् ॥ ६३ ॥

(પહેલાં તો) 'તમે એ અમે, અને અમે એ તમે' એવી આપણી સમજણ હતી. હવે એવું તે શું થયું કે તમે એ તમે જ છો અને અમે એ અમે જ છીએ ? (અર્થાત્ આસક્તિના સમયમાં અન્યોન્ય અભેદભાવ હતો, તે વૈરાગ્ય પ્રગટતાં દૂર થયો, અને વિરક્ત પુરુષને એકત્વની ભાવનાનો ઉદય થયો.)

નિર્મોહીની સ્ત્રી પ્રત્યે ઉક્તિ

बाले लीलामुकुलितममी मन्थरा दृष्टिपाताः
किं क्षिप्यन्ते विरम विरम व्यर्थ एष श्रमस्ते ।
संप्रत्यन्ये वयमुपरतं बाल्यमास्था वनान्ते
क्षीणो मोहस्तृणमिव जगज्जालमालोकयामः ॥ ६४॥

હે બાળા ! કળીની પેઠે અડધાં મીંચેલાં આ મંદમંદ કટાક્ષ તું મારી સામે શા માટે ફેંકે છે ? અટકી જા, તારો શ્રમ નિરર્થક છે. હું હવે બદલાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો છું. છોકરમત જતી રહી છે. હવે તો વનમાં આસ્થા બંધાઈ છે. મોહ ક્ષીણ થઈ ગયો છે. જગતની જાળને હવે હું ઘાસના તણખલા જેવી લેખું છું.

નિર્મોહીની ઉક્તિ

इयं बाला मां प्रत्यनवरतमिन्दीवरदल-
प्रभाचोरंचक्षुः क्षिपति किमभिप्रेतमनया।
गतो मोहोऽस्माकं स्मरकुसुमबाणव्यतिकर-
ज्वरज्वाला शान्ता तदपि न वराकी विरमति॥६५॥

આ બાળા નીલ કમળના પત્રની કાંતિને ચોરનાર કટાક્ષ મારા તરફ સતત ફેંક્યા કરે છે; એનો અભિપ્રાય શો હશે? અમારો મોહ જતો રહ્યો છે. કામદેવના પુષ્પબાણથી ઉત્પન્ન થતા જ્વરની ઝાળ શાંત થઈ ગઈ છે; છતાં આ ક્ષુદ્ર સ્ત્રી અટકતી નથી.

સંતો વનમાં કેમ ચાલ્યા જાય છે?

रम्यं हर्म्यतलं न किं वसतये श्राव्यं न गेयादिकं
किं वा प्राणसमासमागमसुखं नैवाधिकं प्रीतये।
किंतूद्भ्रान्तपतत्पतङ्गपवनव्यालोलदीपाङ्कुर-
च्छायाचञ्चलमाकलय्य सकलं सन्तो वनान्तं गताः॥६६

રહેવા માટે શું રમણીય હવેલી નથી? સાંભળવા લાયક શું ગીત વગેરે નથી? પ્રાણ સમાન વહાલી સ્ત્રીના સમાગમનું સુખ શું અધિક પ્રીતિ ઉપજાવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે બસ નથી? પણ આ સઘળાને, પાગલ બનીને ઝંપલાવતા પતંગિયાથી ઉત્પન્ન થયેલા પવનને લીધે ચંચળ બનેલા દીવાની જ્યોતની છાયા સમાન ચંચલ સમજીને, સંત લોકો વનમાં ચાલ્યા ગયા છે.

દુર્જનસેવા કરતાં વનવાસ સારો

किं कन्दाः कन्दरेभ्यः प्रलयमुपगता निर्झरा वा गिरिभ्यः
प्रध्वस्ता वा तरुभ्यः सरसफलभृतो वल्कलिन्यश्च शाखाः ।
वीक्ष्यन्ते यन्मुखानि प्रसभमपगतप्रश्रयाणां खलानां
दुःखोपात्ताल्पवित्तस्मयवशपवनानर्तिभ्रूलतानि ॥ ६७ ॥

શું કંદરાઓમાંથી કંદ અને પર્વતોમાંથી ઝરણાંનો પ્રલય થઈ ગયો છે? અથવા શું રસવાળાં ફળને તથા વલ્કલને ધારણ કરનારી શાખાઓનો વૃક્ષ પરથી વિનાશ થઈ ગયો છે? કે જેથી (સ્વાભિમાની પુરુષોને) અવિનયી, અને મહામહેનતે પ્રાપ્ત કરેલા થોડાક દ્રવ્યથી ઊપજેલા અભિમાનરૂપી પવનથી જેમની પાંપણો નૃત્ય કરી રહેલી છે તેવા દુર્જનોનાં મુખ બળાત્કારે પણ જોવાં પડે છે?

गङ्गातरङ्गहिमशीकरशीतलानि
विद्याधराध्युषितचारुशिलातलानि ।
स्थानानि किं हिमवतः प्रलयं गतानि
यत्सावमानपरपिण्डरता मनुष्याः ॥ ६८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગંગાનદીના તરંગના બરફ જેવા ઠંડા છાંટાથી શીતલ અને જેનાં સુંદર શિલાતલ ઉપર વિદ્યાધર લોકો બેઠેલા છે, તેવાં હિમાલયનાં સ્થાનોનો શું પ્રલય થઈ ગયો છે, કે મનુષ્યોને અપમાનયુક્ત પારકાના અન્નમાં રમમાણ રહેવું પડે?

દેહની ક્ષણિકતા

यदा मेरुः श्रीमान्निपतति युगान्ताग्निनिहतः
समुद्राः शुष्यन्ति प्रचुरमकरग्राहनिलयाः।
धरा गच्छत्यन्तं धरणिधरपादैरपि धृता
शरीरे का वार्ता करिकलभकर्णाग्रचपले ॥ ६९ ॥

પ્રલયકાળના અગ્નિનો સપાટો લાગતાં, જ્યારે શ્રીમાન મેરુ પર્વત પણ નીચે ગબડી પડે છે; મોટામોટા મગર અને ઝૂડના નિવાસરૂપ સમુદ્રો પણ જ્યારે સુકાઈ જાય છે; જ્યારે પર્વતોનાં મૂળિયાંથી ધારણ કરાયલી પૃથ્વીનો પણ અંત આવે છે, ત્યારે હાથીના બચ્ચાના કાનના અગ્રભાગ પેઠે ચંચળ દેહની તો વાત જ શી કરવી?

ક્યારે?

एकाकी निःस्पृहः शान्तः पाणिपात्रो दिगंबरः।
कदा शंभो भविष्यामि कर्मनिर्मूलनक्षमः ॥ ७० ॥

(સર્વનું કલ્યાણ કરનાર) હે શંભુ! એકલો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પૃહાવગરનો, શાંત અંતઃકરણવાળો, હાથને જ ભિક્ષાપાત્ર તરીકે વાપરનારો, દિશાઓરૂપી વસ્ત્રવાળો (નગ્ન) અને (બધાં) કર્મોને ઉખાડી નાખવામાં સમર્થ હું ક્યારે બનીશ?

પછી શું?

प्राप्ताः श्रियः सकलकामदुघास्ततः किं
दत्तं पदं शिरसि विद्विषतां ततः किम्।
सन्मानिताः प्रणयिनो विभवैस्ततः किं
कल्पं स्थितं तनुभृतां तनुभिस्ततः किम्॥७१॥

સર્વે ઇચ્છાઓને પરિપૂર્ણ કરનાર સંપત્તિઓ મળી, પણ પછી શું? (છેવટે તો મરવાનું જ ને?) શત્રુઓના મસ્તક ઉપર ચરણ સ્થાપ્યો, (તેમને વશ કર્યા.) પણ પછી શું? પ્રેમ રાખનાર સર્વે મિત્રોને વૈભવ આપી સન્માન્યા, પણ પછી શું? મનુષ્યશરીરમાં એક કલ્પ સુધી સ્થિતિ કરી, (જીવ્યા.) પણ પછી શું? (અર્થાત્ વૈરાગ્ય વિના સર્વ નિષ્ફળ છે.)

વૈરાગ્યની પરાકાષ્ઠા

जीर्णा कन्था ततः किं सितममलपटं पट्टसूत्रं ततः किं
एका भार्या ततः किं हयकरिसुगणैरावृतो वा ततः किम्।
भक्तं भुक्तं ततः किं कदशनमथवा वासरान्ते ततः किं
व्यक्तज्योतिर्न वान्तर्मथितभवभयं वैभवं वा ततः किम्॥७२॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂની ગોદડી હોય તોય શું? અને ધવલ, નિર્મળ, ઝીણું વસ્ત્ર હોય, તોપણ શું? (પાસે) એકલી સ્ત્રી જ હોય તોપણ શું? અને (માણસ) અનેક હાથીઘોડાથી વીંટળાયલો હોય, તોપણ શું? (સુંદર) ભાત ખાધા તોપણ શું? અને ઠેઠ રાત્રે ખરાબ ભોજન મળે તોપણ શું? જો સંસારભયનો નાશ કરનારી બ્રહ્મજ્યોતિ ન પ્રગટી (અંદર સાક્ષાત્કાર ન થયો), તો વૈભવ મળ્યો તેથી પણ શું?

સર્વોત્તમ દશા

भक्तिर्भवे मरणजन्मभयं हृदिस्थं
स्नेहो न बन्धुषु न मन्मथजा विकाराः ।
संसर्गदोषरहिता विजना वनान्ता
वैराग्यमस्ति किमतः परमर्थनीयम् ॥ ७३ ॥

મહાદેવમાં ભક્તિભાવ, મરણ અને જન્મનો ભય હૃદયમાં હોય, સગાંવહાલાંમાં અનાસક્તિ (આસક્તિનો અભાવ), મદનદેવના વિકારોનો અભાવ, સંસર્ગદોષથી મુક્ત એવા વનના પ્રદેશો અને વૈરાગ્ય હોય–(તો પછી) આનાથી વધારે બીજું શું ઇચ્છવા જેવું છે?

બ્રહ્મચિંતનની ઉત્તમતા

तस्मादनन्तमजरं परमं विकासि
तद् ब्रह्म चिन्तय किमेभिरसद्विकल्पैः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यस्यानुषङ्गिण इमे भुवनाधिपत्य-
भोगादयः कृपणलोकमता भवन्ति ॥ ७४ ॥

માટે અનંત, જરારહિત, સર્વોત્તમ, સર્વવ્યાપક, (શાસ્ત્રોમાં) સુપ્રસિદ્ધ, બ્રહ્મતત્ત્વનું ચિંતન કર. આ અસત્ય (દેહાદિકના) વિકલ્પો કરવાથી શો ફાયદો, જે બ્રહ્મતત્ત્વમાં સતત પ્રીતિ રાખનાર મનુષ્યને આ પૃથ્વીનું આધિપત્ય વગેરે ભોગો ક્ષુદ્ર મનુષ્યને જ ઇચ્છવા જેવા લાગે છે?

पातालमाविशसि यासि नभो विलंघ्य
दिङ्मण्डलं भ्रमसि मानस चापलेन ।
भ्रान्त्वापि जातु विमलं कथमात्मनीनं
तद् ब्रह्म न स्मरसि निर्वृतिमेषि येन ॥७५॥

હે મન! તું ચંચળતાથી પાતાળમાં પેસે છે, આકાશનું ઉલ્લંઘન કરીને જાય છે, બધી દિશાઓમાં ભટકે છે. (એ રીતે) ભ્રમણ કરીને પણ (ઉપરતિ પામી) તું શા માટે તે નિર્મળ અને આત્મકલ્યાણકારી બ્રહ્મતત્ત્વનું સ્મરણ નથી કરતું, જેથી તને શાંતિ પ્રાપ્ત થાય?

સંસારનો મોહ

रात्रिः सैव पुनः स एव दिवसो मत्वाबुधा जन्तवो
धावन्त्युद्यमिनस्तथैव निभृतप्रारब्धतत्तत्क्रियाः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

व्यापारैः पुनरुक्तभुक्तविषयैरेवंविधेनामुना
संसारेण कदर्थिताः कथमहो मोहान्न लज्जामहे ॥ ७६ ॥

'તેજ રાત્રિ પડે છે અને તે જ દિવસ ઊગે છે.' એમ માનીને (અર્થાત્ રાતદિવસ પડવાઊગવા સાથે તેમનું આયુષ્ય ક્ષીણ થાય છે તે ન સમજતાં), અજ્ઞાની પુરુષો અનેક પ્રકારનાં કાર્યો છાનામાના શરૂ કરીને, તેમાં ઉદ્યમ કરવાના હેતુથી, દોડાદોડ કરે છે, અને પહેલાં ભોગવેલા વિષયપદાર્થોને ફરીફરી ભોગવવા માટે અનેક પ્રકારની ખટપટ કર્યા કરે છે. આ પ્રકારના સંસારથી પીડા પામતાં છતાં, મોહને લીધે, અમને શરમ નથી આવતી તે કેવી (વિચિત્ર) વાત કહેવાય?

મુનિનો વૈભવ

मही रम्या शय्या विपुलमुपधानं भुजलता
वितानं चाकाशं व्यजनमनुकूलोऽयमनिलः ।
स्फुरद्दीपश्चन्द्रो विरतिवनितासङ्गमुदितः
सुखं शान्तः शेते मुनिरतनुभूतिर्नृप इव ॥ ७७ ॥

પૃથ્વી સુંદર પથારી છે, પોતાના હાથરૂપી લતા જ વિશાળ ઓશિકું છે, આકાશરૂપી ચંદરવો છે, આ અનુકૂળ પવન વીંજણો છે, ચંદ્ર પ્રકાશમાન દીવો છે, અને વિરક્તિ(વૈરાગ્ય)રૂપી સ્ત્રીના સંગથી તેને આનંદ મળે છે. આવો શાંત મુનિ, ખૂબ વૈભવવાળા રાજાની પેઠે, સુખપૂર્વક સૂઈ જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મસુખ આગળ સંસારસુખ ફિક્કું છે

त्रैलोक्याधिपतित्वमेव विरसं यस्मिन् महाशासने
तल्लब्ध्वाशनवस्त्रपानघटने भोगे रतिं मा कृथाः ।
भोगः कोऽपि स एक एव परमो नित्योदितो जृम्भते
यत्स्वादाद् विरसा भवन्ति विषयास्त्रैलोक्यराज्यादयः ॥७८॥

જે બ્રહ્મજ્ઞાનરૂપી મહારાજ્યમાં ત્રણે લોકનું આધિપત્ય ફિક્કું (નીરસ) લાગે છે, તેને પ્રાપ્ત કરીને તું ભોજન, વસ્ત્ર, અને પાન મેળવવામાં પ્રીતિ ન કર. તે એક જ અનિર્વચનીય મહાન ભોગ છે (બ્રહ્માનંદનો), જે સદાકાલ માટે પ્રકાશિત છે, અને જેનો સ્વાદ લીધા પછી ત્રૈલોક્યનું રાજ્ય વગેરે વિષયપદાર્થો ફિક્કા બની જાય છે. (અર્થાત્ તે વિષય-પદાર્થોમાં પ્રીતિ રહેતી નથી.)

વણિગ્વૃત્તિનો ત્યાગ કર

किं वेदैः स्मृतिभिः पुराणपठनैः शास्त्रैर्महाविस्तरैः
स्वर्गग्रामकुटीनिवासफलदैः कर्मक्रियाविभ्रमैः ।
मुक्त्वैकं भवबन्धदुःखरचना विध्वंसकालानलं
स्वात्मानन्दपदप्रवेशकलनं शेषा वणिग्वृत्तयः ॥७९॥

વેદો, સ્મૃતિઓ, પુરાણોનું પઠન, મહાવિસ્તારવાળાં શાસ્ત્રો, અને સ્વર્ગરૂપી ગામડામાં એક ઝૂંપડીમાં વાસ કરવારૂપી ફળને આપનાર (અનેક યજ્ઞયાગાદિરૂપી)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાઓના વિલાસથી શો ફાયદો છે? સંસારબંધનના દુઃખની રચનાનો નાશ કરવામાં કાલાગ્નિ સમાન, આત્માનંદપદમાં પ્રવેશ કરવાની કલા સિવાય, બાકીની બધી પ્રવૃત્તિઓ વણિગ્વૃત્તિઓ જેવી છે. (અર્થાત્ વેપારની પેઠે માત્ર આજીવિકા માટે છે.)

સાંસારિક પદાર્થોની ક્ષણિકતા

आयुःकल्लोललोलं कतिपयदिवसस्थायिनी यौवनश्री-
रर्थाः संकल्पकल्पा घनसमयतडिद्विभ्रमा भोगपूगाः ।
कण्ठाश्लेषोपगूढं तदपि च न चिरं यत् प्रियाभिः प्रणीतं
ब्रह्मण्यासक्तचित्ता भवत भवभयाम्भोधिपारं तरीतुम् ॥८०

આયુષ તરંગ માફક ચંચળ છે. યૌવનની શોભા થોડાક દિવસ જ ટકવાની છે. વૈભવ સંકલ્પની માફક ક્ષણિક છે. ભોગોનો સમુદાય વર્ષાઋતુની વીજળીના ચમકાર જેવો છે. પ્રિયાઓએ કરેલું દૃઢ કંઠાલિંગન પણ લાંબો વખત ટકતું નથી; (માટે) સંસારના ભયરૂપી સમુદ્રને તરી જવા માટે બ્રહ્મમાં ચિત્ત પરોવો.

મનસ્વી પુરુષની અક્ષુબ્ધતા

ब्रह्मांडमण्डलीमात्रं किं लोभाय मनस्विनः ।
शफरीस्फुरितेनाब्धेः क्षुब्धता न तु जायते ॥ ८१ ॥

(નાનકડું અમથું) બ્રહ્માંડમંડળ શું મનસ્વી પુરુષમાં લોભ ઉપજાવી શકે છે? (અંદર રહેલી નાનકડી) માછલીના ઊછળવાથી સમુદ્રમાં ક્ષોભ થતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે અને હવે

यदासीदज्ञानं स्मरतिमिरसंस्कारजनितं
तदा दृष्टं नारीमयमिदशेषं जगदपि ।
इदानीमस्माकं पटुतरविवेकाञ्जनजुषां
समीभूता दृष्टिस्त्रिभुवनमपि ब्रह्म मनुते ॥८२॥

જ્યારે કામદેવરૂપી મોતિયાની અસરથી થયેલું અજ્ઞાન હતું, ત્યારે આખું જગત અમને નારીમય દેખાતું; પણ હવે અમને તીક્ષ્ણવિવેકરૂપી અંજન આંજવામાં આવ્યું છે, તેથી અમારી દૃષ્ટિ સમાન બની ગઈ છે, અને તે ત્રણે ભુવનને બ્રહ્મરૂપ માને છે.

અનિત્યતાબુદ્ધિથી સાંસારિક પદાર્થો રમણીય લાગતા નથી

रम्याश्चन्द्रमरीचयस्तृणवती रम्या वनान्तस्थली
रम्यः साधुसमागमः शमसुखं काव्येषु रम्याः कथाः ।
कोपोपाहितबाष्पबिन्दुतरलं रम्यं प्रियाया मुखं
सर्वं रम्यमनित्यतामुपगते चित्ते न किंचित् पुनः ॥८३॥

ચંદ્રનાં કિરણ રમણીય છે, તૃણયુક્ત વનપ્રદેશો રમણીય છે, સજ્જનોનો સમાગમ રમણીય છે; શાંતિનું સુખ રમણીય છે; કોપને લઈને આંસુવાળું તરલ પ્રિયાનું મુખ સુંદર છે; આ સઘળું રમણીય છે, પણ જ્યારે ચિત્તમાં તે વસ્તુઓ અનિત્ય છે તેવી બુદ્ધિ ઉત્પન્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે, ત્યારે તેમાંનું કશું જ રમણીય નથી લાગતું.

વિરલ તપસ્વીનું દશ્ય

मिक्षाशी जनमध्यसंगरहितः स्वायत्तचेष्टः सदा
दानादानविरक्तमार्गनिरतः कश्चित्तपस्वी स्थितः ।
रथ्याकीर्णविशीर्णजीर्णवसनैरास्यूतकन्थाधरो
निर्मानो निरहंकृतिः शमसुखाभोगैकबद्धस्पृहः ॥८४॥

ભિક્ષા માગીને ભોજન કરનારો, મનુષ્યોના સમુદાયથી નિઃસંગ, સ્વાધીન ચેષ્ટાવાળો (મરજી પ્રમાણે ઇંદ્રિયોને વશમાં રાખી વર્તનાર), (કોઈને કંઈ પણ) આપવા–લેવાની ક્રિયાથી રહિત, વિરક્તિમાર્ગમાં લાગેલો, રસ્તામાં પડેલાં ફાટલાં જૂનાં લૂગડાં વડે સીવીને જેણે પોતાની કંથા બનાવીને ધારણ કરી છે તેવો, માનરહિત, અહંકારરહિત, શાંતિસુખના સંપૂર્ણ ભોગમાં જ જેણે પોતાની ઇચ્છા બાંધી છે એવો, કોઈ એક તપસ્વી ઊભો છે.

પંચમહાભૂતને છેલ્લા નમસ્કાર

मातर्मेदिनि तात मारुत सखे तेजःसुबन्धो जल
भ्रातर्व्योम निबद्ध एव भवतामेष प्रणामाञ्जलिः ।
युष्मत्संगवशोपजातसुकृतोद्रेकस्फुरन्निर्मल-
ज्ञानापास्तसमस्तमोहमहिमा लीये परे ब्रह्मणि ॥८५॥

હે માતા પૃથ્વી ! પિતા પવન, મિત્ર તેજ, સુબંધુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલ, ભાઈ આકાશ, તમને હું આ પ્રણામાંજલિ કરું છું. (આ શરીર તમારાથી બંધાયું હતું તેથી) તમારા સંગને લઈને ઉત્પન્ન થયેલાં પુણ્યોની અધિકતાથી પ્રગટેલા નિર્મળ જ્ઞાન વડે સઘળો મોહનો મહિમા ફેંકી દઈને, હું પરબ્રહ્મમાં લીન થઈ જાઉં છું.

આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય

यावत्स्वस्थमिदं कलेवरगृहं यावच्च दूरे जरा
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
प्रोद्दीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥८६॥

જ્યાં સુધી આ શરીરરૂપી ઘર નીરોગી છે, વૃદ્ધાવસ્થા હજી આવી નથી, ઇંદ્રિયોની શક્તિ ક્ષીણ થઈ નથી, આયુષ્યનો ક્ષય થયો નથી, ત્યાં સુધીમાં જ વિદ્વાને આત્મકલ્યાણનો મહાન પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે મકાનને આગ લાગે, ત્યારે કૂવો ખોદવા બેસવું તે પ્રયત્ન કેવો કહેવાય?

તારુણ્યની સફળતા

नाभ्यस्ता भुवि वादिवृन्ददलनी विद्या विनीतोचिता
खड्गाग्रैः करिकुम्भपीठदलनैर्नाकं न नीतं यशः ।
कान्ताकोमलपल्लवाधररसः पीतो न चन्द्रोदये
तारुण्यं गतमेव निष्फलमहो शून्यालये दीपवत् ॥८७॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાદીજનોના સમુદાયને (વાદવિવાદમાં) હરાવનારી, વિનયયુક્ત શિષ્યોને શીખવા યોગ્ય વિદ્યા પૃથ્વીમાં ન ભણ્યા. હાથીના કુંભસ્થળને ચીરી નાંખનાર તલવારની ધાર વડે (અમારો) યશ અમે સ્વર્ગ સુધી ન વિસ્તાર્યો. ચન્દ્રોદય સમયે પ્રિય સ્ત્રીના કોમળ અધરપલ્લવનું (કૂંપળ જેવા અધરનું) રસપાન ન કર્યું. અરેરે, નિર્જન ઘરમાં રહેલા દીવા પેઠે, અમારું યૌવન અર્થ વગર જ વીતી ગયું.

અધિકારભેદથી પરિણામભેદ

ज्ञानं सतां मानमदादिनाशनं
केषांचिदेतन्मदमानकारणम् ।
स्थानं विविक्तं यमिनां विमुक्तये
कामातुराणामतिकामकारणम् ॥ ८८ ॥

જ્ઞાન સંતોને અભિમાન, મદ વગેરે (દોષોનો) નાશ કરવામાં સાધનરૂપ થાય છે. કેટલાક (અનધિકારીઓને) એ જ જ્ઞાન મદ અને અભિમાનના કારણરૂપ થાય છે. એકાંત સ્થાન સંયમી પુરુષોને મોક્ષનું સાધન બને છે, જ્યારે કામાતુર પુરુષોને તે કામની વૃદ્ધિનું કારણ બને છે.

સંસારની વિચિત્રતા

क्वचिद् वीणावादः क्वचिदपि च हाहेति रुदितं
क्वचिन्नारी रम्या क्वचिदपि जराजर्जरवपुः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

क्वचिद् विद्वद्गोष्ठी क्वचिदपि सुरामत्तकलहो
न जाने संसारः किममृतमयः किं विषमयः ॥८९॥

કોઈ જગ્યાએ વીણાનો અવાજ સંભળાય છે, તો કોઈ જગ્યાએ 'હા હા' એમ શોકકળ સંભળાય છે. કોઈ જગ્યાએ રમણીય સ્ત્રી છે, તો કોઈ જગ્યાએ વૃદ્ધાવસ્થાથી જર્જરિત થઈ ગયેલા શરીરવાળો માણસ છે. કોઈ જગ્યાએ વિદ્વાનોની ગોષ્ઠી ચાલતી હોય છે, તો કોઈ જગ્યાએ દારૂડિયા લોકો દારૂથી ઉન્મત્ત બનીને લડતાઝઘડતા હોય છે. હું જાણી શકતો નથી કે સંસાર અમૃતમય છે કે વિષમય.

અશરણશરણ શંભુચરણ

जीर्णा एव मनोरथाः स्वहृदये यातं जरां यौवनं
हन्ताङ्गेषु गुणाश्च वन्ध्यफलतां याता गुणज्ञैर्विना ।
किं युक्तं सहसाभ्युपैति बलवान् कालः कृतान्तोऽक्षमी
हा ज्ञातं स्मरशासनांघ्रियुगलं मुक्त्वास्ति नान्या गतिः ॥९०

મનની ઇચ્છાઓ મનમાં જ રહી ગઈ. જુવાની ગઈ અને ઘડપણ આવ્યું. ગુણની કદર કરનારા પુરુષો સિવાય (શૌર્ય વગેરે) ગુણો નિષ્ફળ થયા તે ખેદની વાત છે. હવે શું કરવું ઉચિત છે? બળવાન, અને કોઈને પણ ન છોડનારો કાળ (મૃત્યુ) પણ એકદમ ચઢી આવ્યો છે. હા જાણ્યું; ભગવાન સદાશિવજીના બે ચરણ છોડીને બીજી કોઈ ગતિ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખ એટલે માત્ર દુઃખનો ઉપાય

तृषा शुष्यत्यास्ये पिबति सलिलं स्वादु सुरभि
क्षुधार्तः सन् शालीन् कवलयति शाकादिवलितान् ।
प्रदीप्ते रागाग्नौ सुदृढतरमालिङ्गति वधूं
प्रतीकारो व्याधेः सुखमिति विपर्यस्यति जनः ॥ ९१ ॥

જ્યારે પુરુષનું મોં તરસથી સુકાઈ જાય છે, ત્યારે તે સ્વાદિષ્ઠ સુગંધિ જળ પીએ છે. ભૂખથી પીડાતો મનુષ્ય શાક (ચટણી) વગેરેથી સંયુક્ત ભાત ખાય છે. કામાગ્નિ પ્રદીપ્ત થાય છે, ત્યારે સ્ત્રીને ખૂબ બળપૂર્વક આલિંગે છે. (એવી રીતે) વ્યાધિના ઉપાયને મનુષ્ય 'સુખ છે' એમ ઊંધું સમજે છે. (અર્થાત્ સુખ સ્વતંત્ર પદાર્થ નથી, પણ માત્ર દુઃખને નિવૃત્ત કરવાનો એક પ્રકાર જ છે.)

ક્યારે ?

स्नात्वा गाङ्गैः पयोभिः शुचिकुसुमफलैरर्चयित्वा विभो त्वां
ध्येये ध्यानं नियोज्य क्षितिधरकुहरग्रावपर्यङ्कमूले ।
आत्मारामः फलाशी गुरुवचनरतस्त्वत्प्रसादात्स्मरारे
दुःखान्मोक्ष्ये कदाहं समचरणकरे पुंसि सेवासमुत्थात् ॥९२॥

હે ભગવાન શંકર ! ગંગાનાં પાણીથી સ્નાન કરીને, પવિત્ર ફૂલ અને ફળથી તારું અર્ચન કરીને, પર્વતની ગુફાના પથ્થરરૂપી પલંગમાં (બેસીને) ધ્યાન કરવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગ્ય (પરબ્રહ્મતત્ત્વમાં) ધ્યાન પરોવીને, આત્મામાં જ આરામ કરનારો, ફળ ખાઈને નિર્વાહ કરનારો, ગુરુના વચનમાં જ પ્રીતિ રાખનારો હું, તમારી મહેરબાનીથી, મારા જેવા જ જેને બે હાથપગ છે તેવા (સામાન્ય) મનુષ્યની સેવાથી ઉત્પન્ન થતા દુઃખમાંથી ક્યારે છૂટી જઈશ ?

પરમેશ્વર તુલ્ય પુરુષો

शय्या शैलशिला गृहं गिरिगुहा वस्त्रं तरूणां त्वचः
सारङ्गाः सुहृदो ननु क्षितिरुहां वृत्तिः फलैः कोमलैः ।
येषां नैर्झरणाम्बुपानमुचितं रत्यै च विद्याङ्गना
मन्ये ते परमेश्वराः शिरसि यैर्बद्धो न सेवाञ्जलिः ॥ ९३ ॥

પર્વતની શિલા જેમની શય્યા છે, ગુફા જેમનું ઘર છે, વૃક્ષોની છાલ જેમનાં વસ્ત્ર છે, હરણાં જેમનાં મિત્ર છે, વૃક્ષોનાં કોમળ ફળથી જેઓ નિર્વાહ કરે છે, ઝરણાંનું પાણી જેમનું ઉચિત પાન છે, વિદ્યારૂપી સ્ત્રી જેમને આનંદ આપે છે, અને જેમણે બીજાઓની નોકરી કરતાં તેમને પ્રણામાંજલિ કરી નથી, તેમને હું પરમેશ્વરતુલ્ય માનું છું.

વિદ્વાન કુટુંબ ખાતર સંસારવ્યવહાર ચલાવે છે

सत्यामेव त्रिलोकीसरिति हरशिरश्चुम्बिनीविच्छटायां
सद्वृत्तिं कल्पयन्त्यां तटविटपभवैर्वल्कलैः सत्फलैश्च ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

कोऽयं विद्वान् विपत्तिज्वरजनितरुजातीवदुःश्वासिकानां
वक्त्रं वीक्षेत दुःस्थे यदि हि न बिभृयात्स्वे कुटुम्बेऽनुकम्पाम्

જ્યારે શંકર ભગવાનના મસ્તકને ચુંબતી (વીંટળાતી) નીવિ (સ્ત્રીઓના સાલ્લાની ગાંઠ–દોરી) જેવી શોભાવાળી ગંગાનદી છે, જે પોતાના તીર ઉપરની શાખાઓ પર ઊગતાં વલ્કલ અને સુંદર ફળો વડે સારી આજીવિકાનાં સાધન પૂરાં પાડી શકે તેમ છે, ત્યારે–જો તે પોતાના દુઃખી કુટુંબ ઉપર દયા ન ધરાવતો હોય તો–કયો વિદ્વાન પુરુષ દુઃખરૂપી (ગરીબાઈ-રૂપી) જ્વરથી ઉત્પન્ન થયેલી પીડાને લીધે ખૂબ શોકપૂર્વક નિસાસા મૂકતી સ્ત્રીઓનાં મુખ જુએ? (અર્થાત્ કુટુંબ માટે લાગણી ન હોય, તો વિદ્વાન પોતાની દુઃખી પત્નીનું મુખ જોવા કરતાં વનમાં જઈ ગંગાનદીનો આશ્રય કરે.)

કાશીવાસની ઉત્તમતા

उद्यानेषु विचित्रभोजनविधिस्तीव्रातितीव्रं तपः
कौपीनावरणं सुवस्त्रमभितो भिक्षाटनं मण्डनम् ।
आसन्नं मरणं च मङ्गलसमं यस्यां समुत्पद्यते
तां काशीं परिहृत्य हन्त विबुधैरन्यत्र किं स्थीयते ॥ ९५॥

જ્યાં ઉદ્યાનોમાં જાતજાતનાં ભોજનની (ફળમૂળની) સગવડ છે, જ્યાં અતિશય તીવ્ર (કૃચ્છ્ર, ચાંદ્રાયણાદિ) તપ તપી શકાય તેમ છે, જ્યાં લંગોટરૂપી વસ્ત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેરી ચલાવી શકાય છે, આસપાસનાં ઘરમાં ભિક્ષા માટે ભટકવું આભૂષણરૂપ છે, જે કાશીમાં મરણ પાસે આવે તો તે મંગલ સમાન છે (મોક્ષ આપે છે), તે કાશીનગરીને છોડીને, ખેદની વાત છે, કે વિદ્વાનો બીજે શા માટે રહેતા હશે?

नायं ते समयो रहस्यमधुना निद्राति नाथो यदि
स्थित्वा द्रक्ष्यति कुप्यति प्रभुरिति द्वारेषु येषां वचः ।
चेतस्तानपहाय याहि भवनं देवस्य विश्वेशितुः
निर्दौवारिकनिर्दयोक्त्यपरुषं निःसीमशर्मप्रदम् ॥ ९६ ॥

'હમણાં (મળવાનો) સમય નથી, અત્યારે (શેઠ) ખાનગીમાં બેઠા છે, હમણાં (શેઠ અથવા રાજા) ઊંઘે છે, જો ઊઠીને તને જોશે તો ક્રોધ કરશે'–જેમનાં (રાજાઓ અથવા શેઠિયાઓનાં) દ્વાર ઉપર (નોકરોના) ઉપર પ્રમાણે શબ્દો સાંભળવામાં આવે છે, તેમને છોડીને હે ચિત્ત! ભગવાન વિશ્વનાથ(મહાદેવ)ને મંદિરે જા, કે જ્યાં કોઈ દ્વારપાળના કઠોર શબ્દો નથી, જ્યાં કોઈ પ્રકારની ક્રૂરતા જોવામાં કે સાંભળવામાં આવતી નથી, અને જે અનંત કલ્યાણને આપે છે. (મોક્ષ આપે છે.)

બ્રહ્મારૂપી દુષ્ટ કુંભાર

प्रियसख विपद्दण्डव्रातप्रतापपरम्परा–
परिधिचपले चिन्ताचक्रे निधाय विधिः खलः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मृदमिव बलात्पिण्डीकृत्य प्रगल्भकुलालवद्
भ्रमयति मनो नो जानीमः किमत्र विधास्यति ॥९७॥

હે પ્રિય મિત્ર! વિપત્તિરૂપી દંડ વારંવાર ફેરવવાથી ચકરચકર ફરતા ચિંતારૂપી ચાકડા પર મૂકીને, બળાત્કારે માટીની પેઠે, મનને પિંડ બનાવીને, ધૃષ્ટ કુંભાર જેવો બ્રહ્મા મારા મનને ફેરવે છે-ભમાવે છે. હું જાણતો નથી કે તે મારો કયો ઘાટ ઘડશે.

ઇષ્ટદેવ પર શ્રદ્ધા

महेश्वरे वा जगतामधीश्वरे जनार्दने वा जगदन्तरात्मनि ।
तयोर्न भेदप्रतिपत्तिरस्ति मे तथापि भक्तिस्तरुणेन्दुशेखरे ॥ ९८

જગદીશ્વર શિવ અને સર્વ જગતના અંતરાત્મારૂપી ભગવાન વિષ્ણુ એ બેમાં મને કોઈ પણ પ્રકારની ભેદબુદ્ધિ નથી. પણ તો ય જેમના મસ્તક ઉપર બીજનો ચંદ્ર બિરાજે છે તે મહાદેવ ઉપર મારી ભક્તિ છે.

ઈષ્ટચિંતનમાં લાગેલા મનને વિક્ષેપોનો અભાવ

रे कन्दर्प करं कदर्थयसि किं कोदण्डटङ्कारवै
रे रे कोकिल कोमलैः कलरवैः किं त्वं वृथा जल्पसि।
मुग्धे स्निग्धविदग्धमुग्धमधुरैर्लोलैः कटाक्षैरलं
चेतश्चुम्बितचन्द्रचूडचरणध्यानामृतं वर्तते ॥ ९९ ॥

હે કામદેવ! ધનુષના ટંકારથી શા માટે નકામો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ દુખાડે છે? હે કોકિલ! કોમલ મધુર કલરવથી શા માટે વ્યર્થ બકવાદ કરે છે? હે મુગ્ધ સ્ત્રી! પ્રેમાળ, ચતુર, મનોહર અને પ્રિય કટાક્ષો ફેંકવાં બસ કર. (હવે તો) મારું ચિત્ત ભગવાન શંકરના ચરણમાં ધ્યાન લગાડીને અમૃતનું પાન કરી રહ્યું છે. (એટલે આવા પદાર્થોથી મને મોહ ઉપજવાનો સંભવ રહ્યો નથી.)

યોગીનું સર્વોત્તમ સુખ

कौपीनं शतखण्डजर्जरतरं कन्था पुनस्तादृशी
निश्चिन्तं सुखसाध्यभैक्ष्यमशनं शय्या श्मशाने वने।
मित्रामित्रसमानतातिविमला चिन्ताथ शून्यालये
ध्वस्ताशेषमदप्रमादमुदितो योगी सुखं तिष्ठति ॥१००॥

સો કકડાથી સાંધેલી, અત્યંત જૂની લંગોટી; કંથા પણ તેવી જ; ચિંતાવગરનું, સુખથી મળી શકે તેવું ભિક્ષારૂપી ભોજન; શ્મશાનમાં-વનમાં સૂવાનું; મિત્ર અને શત્રુમાં સમબુદ્ધિ અને નિર્જન સ્થાનમાં અતિનિર્મળ (શુકલ) ધ્યાન (પરબ્રહ્મનું)–આ રીતે, જેનો સઘળો મદ અને પ્રમાદ નાશ પામ્યો છે તેવો યોગી સુખપૂર્વક રહે છે.

શ્રદ્ધાપાત્ર શિખામણ

भोगा भंगुरवृत्तयो बहुविधास्तैरेव चायं भव-
स्तत्कस्येह कृते परिभ्रमत रे लोकाः कृतं चेष्टितैः।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आशापाशशतोपशान्तिविशदं चेतः समाधीयतां
कामोच्छित्तिवशे स्वधामनि यदि श्रद्धेयमस्मद्वचः ॥१०१॥

અનેક પ્રકારના ભોગો ક્ષણભંગુર છે અને તેમનાથી જ આ સંસાર ટકી રહ્યો છે; તો હે લોકો! તમે કઈ વસ્તુ માટે (આ સંસારમાં) પરિભ્રમણ કરો છો? તે ભોગો પ્રાપ્ત કરવા માટેની ચેષ્ટા બંધ કરો. સેંકડો આશાઓના ફાંસલામાંથી છૂટી ગયેલું, શાંત, સ્વચ્છ ચિત્ત કામનાઓનો નાશ કરવાથી જ પ્રાપ્ત થાય તેવા આત્મતત્ત્વમાં જોડો—જો અમારાં વચન પર શ્રદ્ધા હોય તો.

ધન્ય ત્યાગીઓ

धन्यानां गिरिकन्दरे निवसतां ज्योतिः परं ध्यायतां
आनन्दाश्रुजलं पिबन्ति शकुना निःशङ्कमङ्केशयाः ।
अस्माकं तु मनोरथोपरचितप्रासादवापीतट-
क्रीडाकाननकेलिकौतुकजुषामायुः परिक्षीयते ॥ १०२॥

ગિરિની ગુફામાં રહેતા ને પરમ જ્યોતિનું (પરબ્રહ્મનું) ધ્યાન કરતા ધન્ય પુરુષોનાં આનંદનાં આંસુ (બ્રહ્માનંદને લીધે આવતાં આંસુ) તેમના ખોળામાં બેઠેલાં પંખીઓ પીએ છે. (જ્યારે) મનોરથોથી રચાયલી હવેલીઓની વાવના તટ ઉપર આવેલા સુંદર બાગમાં ક્રીડા કરવાની ઉત્સુકતા સેવતાંસેવતાં જ (અર્થાત્ મિથ્યા કલ્પનાઓમાં જ અમારું આયુષ વીતી જાય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ વસ્તુ ભયમુક્ત અને સ્થિર નથી

आघ्रातं मरणेन जन्म जरया विद्युच्चलं यौवनं
संतोषो धनलिप्सया शमसुखं प्रौढाङ्गना विभ्रमैः।
लोकर्मत्सरिभिर्गुणा वनभुवो व्यालैर्नृपा दुर्जनै-
रस्थैर्येण विभूतिरप्यपहृता ग्रस्तं न किं केन वा ॥१०३॥

મૃત્યુએ જન્મને ઘેરી લીધો છે (ગ્રાસ કર્યો છે), ઘડપણે વીજળી સમાન ચંચળ યૌવનને, ધનના લોભે સંતોષને, પ્રૌઢ સ્ત્રીઓના વિલાસોએ (હાવભાવયુક્ત હલનચલને) શાંતિના સુખને, મત્સરવાળા લોકોએ બધા સદ્‌ગુણોને (નિંદા કરવાથી ઘેરી લીધા છે), સર્પોએ વનપ્રદેશોને, દુર્જનોએ રાજાઓને અને અસ્થિરતાએ ઐશ્વર્યને આચ્છાદિત કરી લીધું છે. અથવા કયી વસ્તુ શેનાથી નથી ઘેરાઈ? (અર્થાત્ વૈરાગ્ય સિવાય સઘળું ભયગ્રસ્ત છે.)

સર્વ વસ્તુ ભયગ્રસ્ત છે

आधिव्याधिशतैर्जनस्य विविधैरारोग्यमुन्मूल्यते
लक्ष्मीर्यत्र पतन्ति तत्र विवृतद्वारा इव व्यापदः।
जातं जातमवश्यमाशु विवशं मृत्युः करोत्यात्मसात्
तत्किं नाम निरंकुशेन विधिना यन्निर्मितं सुस्थितम् ॥१०४॥

અનેક પ્રકારની, સેંકડો મનની વ્યથાઓ અને શરીરના રોગો માણસના આરોગ્યને જડમૂળથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉખાડી નાખે છે. જ્યાં લક્ષ્મી હોય છે, ત્યાં–જાણે તેમને માટે બારણાં ખૂલી ગયાં હોય તેમ–વિપત્તિઓ આવી પડે છે. દરેક જન્મેલા પ્રાણીને મૃત્યુ અચૂક ઝટ લઈને પોતાને વશ કરે છે. અંકુશરહિત બ્રહ્માએ એવું શું બનાવ્યું છે કે જે સ્થિર (ભયમુક્ત) હોય?

દુઃખરૂપ સંસાર

कृच्छ्रेणामेध्यमध्ये नियमिततनुभिः स्थीयते गर्भमध्ये
कान्ताविश्लेषदुःखव्यतिकरविषये यौवने चोपभोगः।
नारीणामप्यवज्ञा विलसति नियतं वृद्धभावोऽप्यसाधुः
संसारे रे मनुष्या वदत यदि सुखं स्वल्पमप्यस्ति किंचित्

(મનુષ્યોને જન્મ પહેલાં) મહામુશ્કેલીથી (વિષ્ટા, મૂત્ર વગેરેથી) અપવિત્ર ગર્ભમાં, જકડાઈ ગયેલાં શરીર સાથે, રહેવું પડે છે. પ્રિયાના વિયોગ-દુઃખની ઘટનાથી દુઃસહ યૌવનમાં (થોડાઘણો–નહિ જેવો) ઉપભોગ મળે છે. સ્ત્રીઓ પણ ચોક્કસ અપમાન કરે છે–એવી વૃદ્ધાવસ્થા પણ સુખદાયી નથી. :હે મનુષ્યો! આ સંસારમાં જો જરા પણ સુખ હોય તો કહો.

જીવતરમાં સુખ નથી

आयुर्वर्षशतं नृणां परिमितं रात्रौ तदर्धं गतं
तस्यार्धस्य परस्य चार्धमपरं बालत्ववृद्धत्वयोः।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

शेषं व्याधिवियोगदुःखसहितं सेवादिभिर्नीयते
जीवे वारितरङ्गचञ्चलतरे सौख्यं कुतः प्राणिनाम् ॥ १०६॥

મનુષ્યોના આયુષનું પરિમાણ સો વર્ષનું છે. તેમાંથી અડધું (પચાસ વર્ષ) રાત્રિઓમાં ચાલ્યું જાય છે. તેમાંથી પહેલા ભાગનું અડધું (સાડાબાર વર્ષ) બચપણમાં અને પાછલા ભાગનું અડધું (સાડા બાર વર્ષ) ઘડપણમાં વીતી જાય છે. બાકીનું આયુષ રોગ, વિયોગ અને દુઃખપૂર્વક નોકરી કરવામાં જાય છે. પાણીના તરંગ પેઠે અતિશય ચંચળ જીવનમાં મનુષ્યોને સુખ ક્યાંથી હોય?

સુખની ભ્રાંતિ

असारे खलु संसारे सुखभ्रान्तिः शरीरिणाम् ।
लालापानमिवांगुष्ठे बालानां स्तन्यविभ्रमः ॥ १०७॥

પોતાના અંગૂઠાને ધાવતાંધાવતાં પોતાના જ મુખની લાળને જેમ બાળકો ભ્રમથી માતાનું દૂધ માની લે છે, તેવી રીતે આ અસાર સંસારમાં પુરુષોને ખરેખર (દુઃખરૂપ વિષયપદાર્થોમાં) સુખની ભ્રાંતિ થાય છે.

ત્યાગીઓની પ્રશંસા

ब्रह्मज्ञानविवेकिनोऽमलधियः कुर्वन्त्यहो दुष्करं
यन्मुञ्चन्त्युपभोगकाञ्चनधनान्येकान्ततो निःस्पृहाः ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न प्राप्तानि पुरा न संप्रति न च प्राप्तौ दृढप्रत्ययो
वाञ्छापात्रपरिग्रहाण्यपि परं त्यक्तुं न शक्ता वयम् ॥१०८॥

બ્રહ્મજ્ઞાનના વિવેકવાળા, નિર્મળ બુદ્ધિવાળા પુરુષો ખરેખર આશ્ચર્ય પમાડે તેવું દુષ્કર કાર્ય કરે છે; કારણ કે તેઓ તદ્દન નિઃસ્પૃહ બનીને સર્વ સુખ, સોનું, ધન વગેરે ત્યજી દે છે. (જ્યારે) અમે તો ભૂતકાળમાં ન મળેલાં, હમણાં ન મેળવેલાં, અને જેમની પ્રાપ્તિ માટે ભવિષ્યમાં આશા નથી તેવાં માત્ર ઇચ્છામાં જ જેમને બરાબર પકડી રાખ્યાં છે તેવાં (તે ધનને) ત્યજવા શક્તિમાન થતા નથી.

લોકોની મૂઢતા

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम् ।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो
लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥ १०९ ॥

વાઘણની પેઠે ડરાવતી વૃદ્ધાવસ્થા સામે ઊભી છે. શત્રુઓની પેઠે રોગો શરીર પર પ્રહાર કરે છે. ભાગેલા ઘડામાંથી પાણીની પેઠે આયુષ વહી જાય છે; છતાં પણ લોક પોતાના અકલ્યાણનું આચરણ કરે છે (સંસારના મોહને લીધે પાપકર્મ કરે છે), તે આશ્ચર્યની વાત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મરત યોગીઓને વિક્ષેપનો અભાવ

सदा योगाभ्यासव्यसनवशयोरात्ममनसो-
रविच्छिन्ना मैत्री स्फुरति कृतिनस्तस्यकिमु तैः ।
प्रियाणामालापैरधरमधुभिर्वक्त्रकमलैः
सनिःश्वासामोदैः सकुचकलशश्लेषसुरतैः ॥ ११० ॥

હરહંમેશ યોગાભ્યાસની ટેવના પ્રભાવથી જે ધન્ય પુરુષના આત્મા અને મન વચ્ચે અતૂટ મૈત્રી (અભેદભાવ) પ્રગટી છે, તેને પ્રિય સ્ત્રીઓ સાથેનાં સંભાષણથી, અધરોષ્ઠના મધુપાનથી, સુગંધિ નિઃશ્વાસવાળાં કમળ જેવાં સુંદર મુખથી, અને કુંભ જેવા પુષ્ટ સ્તનને આલિંગન આપીને કરવામાં આવતી સુરતક્રીડાથી શું ? (અર્થાત્ તેમને મન તે સઘળું વિરસ–ફિક્કું લાગે છે.)

પરોપકારીનું જ જીવન સફળ છે

जातः कूर्मः स एकः पृथुभुवनभरायार्पितं येन पृष्ठं
श्लाघ्यं जन्म ध्रुवस्य भ्रमति नियमितं यत्र तेजस्विचक्रम् ।
संजातव्यर्थपक्षाः परहितकरणे नोपरिष्टान्न चाधो
ब्रह्माण्डोदुम्बरान्तर्मशकवदपरे प्राणिनो जातनष्टाः ॥ १११ ॥

તે એક જ કાચબો (કૂર્માવતાર ભગવાન વિષ્ણુ) જન્મ્યો કહેવાય, કે જેણે પોતાની પીઠ વિશાળ ભુવનનો ભાર ઊચકવા માટે અર્પણ કરી હતી. તે ધ્રુવના તારાનો જન્મ પ્રશંસાપાત્ર છે, કે જેને લઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિયમમાં રહીને (આકાશની) જ્યોતિઓનું મંડળ (ગ્રહાદિક) ભ્રમણ કરે છે. બાકી પારકાના હિતમાં, નહિ ઉપર (આકાશમાં) અને નહિ નીચે (પૃથ્વી ઉપર), જેમની મદદ મળી શકી નથી, તેવા બ્રહ્માંડરૂપી ઉમરડાના ફળમાં જન્મતા કીડા–કે જેમની પાંખ તેમને નકામી મળી હોય છે (ઊડવાનું અશક્ય હોવાથી) –પેઠે જન્મે છે અને મરે છે. (અર્થાત્ તેમનું જીવન નિરર્થક છે.)

મુમુક્ષુને સ્ત્રીત્યાગની આવશ્યક્તા

उन्मीलत्त्रिवलीतरङ्गवलया प्रोत्तुङ्गपीनस्तन-
द्वन्द्वेनोद्यतचक्रवाकमिथुना वक्त्राम्बुजोद्भासिनी ।
कान्ताकारधरा नदीयमभितः क्रूराशया नेष्यते
संसारार्णवमज्जनं यदि ततो दूरेण संत्यज्यताम् ॥ ११२ ॥

સ્ત્રીની આકૃતિવાળી આ નદી છે. સ્ત્રીને ઉદર ઉપર ત્રિવલી (ત્રણ કરચલીઓ) હોય છે. નદીને તરંગમંડળ હોય છે. સ્ત્રીના ઉન્નત પુષ્ટ બે સ્તન નદી પરનાં બે ચક્રવાક જેવાં લાગે છે. સ્ત્રીને જેવું મુખ છે, નદીને તેવું કમળ શોભે છે. સ્ત્રીનો મનનો આશય ક્રૂર હોય છે, નદીમાં ક્રૂર મગરમચ્છ વગેરે રહે છે. જો તમે સંસારસમુદ્રમાં ડૂબવા ન ઇચ્છતા હો, તો સ્ત્રીને દૂરથી ત્યજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંચેંદ્રિયોની ઠગાઈ

इह हि मधुरगीतं नृत्यमेतद्रसोऽयं
स्फुरति परिमलोऽयं स्पर्श एव स्तनानाम् ।
इति हतपरमार्थैरिन्द्रियैर्भ्राम्यमाणः
स्वहितकरणधूर्तैः पञ्चभिर्वञ्चितोऽस्मि ॥ ११३ ॥

'અહીં મધુર ગીત સાંભળવા જેવું છે, આ નૃત્ય રહ્યું, અહીં સરસ સ્વાદ લાગે છે, આ સુગંધ છે, આ સ્તનનો સ્પર્શ રહ્યો,' એમ (અનુક્રમે શ્રવણ, દર્શન, રસના, નાસિકા અને ત્વચારૂપી) પાંચ ઇંદ્રિયો વડે હું ઠગાયો છું–જે ઇંદ્રિયોએ મારા મોક્ષરૂપી પરમ અર્થને હણ્યો છે, પોતાનો વિષયભોગરૂપી સ્વાર્થ સાધવામાં જે કુશળ છે (લુચ્ચી છે) અને જેમણે મને સંસારમાં ખૂબ ભ્રમણ કરાવ્યું છે.

વૃદ્ધાવસ્થાની નિંદા

गात्रं संकुचितं गतिर्विगलिता भ्रष्टा च दन्तावलिः
दृष्टिर्नश्यति वर्धते बधिरता वक्त्रं च लालायते ।
वाक्यं नाद्रियते च बान्धवजनो भार्या न शुश्रूषते
हा कष्टं पुरुषस्य जीर्णवयसः पुत्रोऽप्यमित्रायते ॥११४॥

શરીર સંકોચાઈ ગયું છે, ગમનશક્તિ રહી નથી, દાંતની પંક્તિ પડી ગઈ છે, આંખે દેખાતું નથી, બહેરાપણું વધી ગયું છે, મોંમાંથી લાળ પડે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સગાંવહાલાં વાક્યને માન આપતાં નથી, સ્ત્રી સેવા કરતી નથી, હા–દુઃખની વાત છે કે વૃદ્ધ માણસ માટે તેનો પુત્ર પણ તેનો દુશ્મન બની જાય છે.

સંસારનું નાટક

क्षणं बालो भूत्वा क्षणमपि युवा कामरसिकः
क्षणं वित्तैर्हीनः क्षणमपि च संपूर्णविभवः ।
जराजीर्णैरङ्गैर्नट इव वलीमण्डिततनु–
र्नरः संसारान्ते विशति यमधानीजवनिकाम् ॥

થોડોક સમય બાળક બનીને, થોડોક સમય કામરસનો રસિયો જુવાન બનીને, થોડીક વાર દરિદ્ર બની જઈને, અને થોડીક વાર સંપૂર્ણ વૈભવશાળી બનીને, ઘડપણથી દૂબળાં પડી ગયેલાં અંગવાળો અને કરચલીઓથી છવાઈ ગયેલા શરીરવાળો માણસ, નટની પેઠે પોતાનો સંસાર પૂરો થઈ જાય એટલે યમરાજાની રાજધાનીરૂપી પડદાની પાછળ જતો રહે છે (અર્થાત્ મૃત્યુ પામે છે).

એક ઇચ્છા

अहौ वा हारे वा बलवति रिपौ वा सुहृदि वा
मणौ वा लोष्ठे वा कुसुमशयने वा दृषदि वा ।
तृणे वा स्त्रैणे वा मम समदृशो यान्तु दिवसाः
क्वचित् पुण्येऽरण्ये शिवशिवशिवेति प्रलपतः ॥ ११६ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્પમાં અને મણિના હારમાં, બળવાન શત્રુમાં અને મિત્રમાં, મણિમાં અને માટીના ઢેફામાં, પુષ્પશય્યામાં અને પથરામાં, ઘાસમાં અને સ્ત્રીમાં સમાનદૃષ્ટિવાળા મારા દિવસો, કોઈ પુણ્ય અરણ્યમાં 'શિવ, શિવ, શિવ' એમ ઉચ્ચાર કરતાં પસાર થાઓ.

ચિત્તની ઉત્તમ સ્થિતિ

प्रशान्तशास्त्रार्थविचारचापलं
निवृत्तनानारसकाव्यकौतुकम् ।
निरस्तनिःशेषविकल्पविह्वलं
प्रपत्तुमन्विच्छति शूलिनं मनः ॥ ११७॥

અનેક શાસ્ત્રોના અર્થનો વિચાર કરવાની જેની ચંચળતા શાંત પડી ગઈ છે, અનેક પ્રકારના (શૃંગાર, વીર વગેરે) રસવાળાં કાવ્યો માટેનું જેનું કુતૂહલ જતું રહ્યું છે તેવું, સર્વે વિકલ્પોરૂપી જેના વિક્ષેપ દૂર થઈ ગયા છે તેવું (મારું) મન (હવે) શંકર ભગવાનને શરણે જવા ઇચ્છે છે.

★

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું' સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

ઉપયોગી ગ્રંથો

ધર્મગ્રંથો

શ્રીમદ્ શંકરાચાર્યના ગ્રંથો ... ...

- મોહમુદ્‌ગર અને બીજાં દશ રત્નો ૧-૦
- શતશ્લોકી અને બીજાં ચાર રત્નો ૦-૧૨
- સ્તોત્રસંગ્રહ-ભક્તિ અને વેદાંત-સ્તોત્રો ... ૦-૧૦
- સર્વવેદાંત-સિદ્ધાંત-સારસંગ્રહ ૧-૪
- વિવેકચૂડામણિ ૦-૧૨

પંચીકરણ-મુમુક્ષુઓના આત્મબોધ માટે સર્વોત્તમ ગ્રંથ ટીકા સાથે ૨-૦

કૈલાસપતિ હંસ મહારાજ-વેદાંત જેવા ગહન વિષયને દૃષ્ટાંતો દ્વારા સમજાવે છે. ૨-૮

વૈદિક વિનય-૩૬૦ વેદમંત્રો, વિસ્તૃત સમજૂતી સાથે ૩-૧૨

બળવાન બનો!-કર્મનો શ્રેષ્ઠ ઉપદેશ ૦-૮

એકાદશ સ્કંધ (શ્રીમદ્ ભાગવતનો) ૧-૪

જીવન્મુક્તિવિવેક-મુક્તિ માટે માર્ગદર્શન આપતો ગ્રંથ ૧-૪

અષ્ટાવક્રગીતા- સરલાર્થ સાથે ૦-૮

મહાવાક્ય રત્નાવલિ-,, ,, ... ૦-૧૨

ઉપનિષદો (૧૧૨) ત્રણ ગ્રંથોમાં મૂળ સાથે ...

૧ એકાદશ ઉપનિષદો ૨-૮

૨ બૃહદારણ્યક ૧-૮

૩ સો ઉપનિષદો-મૂળ સાથે ૨૩ અને ૭૭ ઉપનિષદોનું માત્ર ભાષાંતર-સારરૂપે ... ૪-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદુરનીતિ–સરલાર્થ સહિત ૦–૧૨

મનુસ્મૃતિ– ,, ,, ... ૩–૦

આર્યધર્મનીતિ ને ચાણક્યનીતિસાર–પસંદ કરી ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો ૦–૮

વિષ્ણુસહસ્રનામ–મૂળ તથા સરળ અર્થ સાથે ... ૦–૪

ધમ્મપદ–મૂળ સાથે. સંપાદક: પં. બેચરદાસ દોશી ૧–૦

યોગવાસિષ્ઠ મહારામાયણ–ચાર દળદાર ગ્રંથોઃ વૈરાગ્ય, મુમુક્ષુ, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને નિર્વાણ–આ છ પ્રકરણો–મોટા અક્ષરોમાં ... ૧૨–૦

મહાભારત (ભાષાંતર) સંપૂર્ણ–દળદાર સાત ગ્રંથોમાં ૪૫–૦

૧–આદિ ને સભાપર્વ
૨–વન ને વિરાટપર્વ
૩–ઉદ્યોગ ને ભીષ્મપર્વ
૪–દ્રોણપર્વ
૫–કર્ણ, શલ્ય, સૌપ્તિક ને સ્ત્રીપર્વ
૬–શાંતિપર્વ
૭–અનુશાસન, આશ્વમેધિક, આશ્રમવાસિક, મૌસલ, મહાપ્રાસ્થાનિક અને સ્વર્ગારોહણપર્વ

દરેકનું કદ ૭ાા×૧૦, કુલ પાન ૫૨૦૮, ચિત્રો ૨૭

લઘુ યોગવાસિષ્ઠ–બૃહદ્ યોગવાસિષ્ઠના સારરૂપ ... ૨–૮

વિચારસાગર–વેદાંતના દોહનરૂપ તત્ત્વજ્ઞાનનું પુસ્તક ... ૨–૮

સૂર્યકાન્ત–અધ્યાત્મ માર્ગના સાધકને અત્યંત ઉપયોગી ૨–૦

શ્રીમદ્ ભાગવત–બે ગ્રંથોમાં–ભાષાંતર, ૨૭ ચિત્રો સાથે ૮–૦

,, ,, –ભાગ બીજો–છૂટક મળશે. ... ૩–૦

ભગવતી (દેવી) ભાગવત–સરળ ભાષાંતર, મોટા અક્ષરો ૬–૦

શાંતિપર્વ મહાભારતનું–રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ–ચાર વર્ણ–આશ્રમના સામાન્ય ધર્મો ઇ૦ ૭–૮

આત્મસાક્ષાત્કારની કસોટી–સ્વામી સ્વયંજ્યોતિતીર્થ ૧–૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મરામાયણ-રામાયણનું ટૂંકી કથા સાથે તત્ત્વજ્ઞાન
સમજાવતું અધ્યાત્મવિષયનું સરળ પુસ્તક ... ૦-૧૨
મોક્ષમાળા-શ્રીમદ્ રાજચંદ્રઃ જૈન તત્ત્વજ્ઞાનનું ઉત્તમ પુસ્તક ૧-૪
પ્રભુમય જીવનનું રહસ્ય ૧-૦
સ્વામી રામતીર્થના સદુપદેશો
વ્યાખ્યાનો ઇત્યાદિ (૧)... ... ... ૨-૮
સદુપદેશો (૩) ૨-૮
સ્વામી વિવેકાનંદના ઉપદેશો
ભક્તિયોગ-(૮) આવૃત્તિ ૨૭ ... ... ૧-૮
રાજયોગ અને **જ્ઞાનયોગ**-(ભાગ ૧૦,૧૧ રૂપે) ૨-૦
પાતંજલ-યોગસૂત્ર-વિવેકાનંદના વિવેચન સાથે ૧-૦
જ્ઞાનયોગ-વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો ૦-૧૨
રાજયોગ-(સ્વામી વિવેકાનંદકૃત) ૦-૧૨
વિવેકાનંદસાર-વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી ૨-૦
સ્વરૂપવિચાર-ગુરુશિષ્યના સંવાદરૂપે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ૦-૧૦
તુકારામગાથા-બે ગ્રંથોમાં-પ્રભુપ્રેમ, ભક્તિ, જ્ઞાન અને
વૈરાગ્યપ્રેરક અભંગોનું સરળ ભાષાંતર ૬-૦
આખ્યાનમાળા-બે ગ્રંથોમાં-સ્વ૦ અનંતપ્રસાદ ... ૬-૦
ઉપદેશ-સારસંગ્રહ-મહાત્મા તિરુવલ્લુવરના ઉપદેશો ૧-૮
સુબોધરત્નાકર-ધર્મનીતિનાં પ્રેરક ૧૦૫ ટૂંકાં દૃષ્ટાંતો ૧-૮
વિભુની વાટે અને **રામાયણની રત્નપ્રભા** ... ૦-૪
માણિક્યસ્મૃતિ-લે. માણેકલાલ જગનાદાસ મહેતાજી ૨-૦
શ્રીજ્ઞાનસૂર્યોદય-પૂર્વાર્ધ ભાગ ૩, ,, ... ૧-૦
શ્રીજ્ઞાનસૂર્યોદય-ઉત્તરાર્ધ ભાગ ૩, ,, ... ૦-૧૦
શ્રીજ્ઞાનસૂર્યોદય-ઉત્તરાર્ધ પ્રથમ ભાગ (જ્ઞાનયોગ),. ... ૨-૦
જ્ઞાનસૂર્યોદયાખ્ય-મહાગ્રંથપ્રવચન ૧-૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રભુમય જીવન–નવી આવૃત્તિ ૦–૧૨
રામકૃષ્ણ વાર્તાલાપ (૨)–ઉપદેશો ઇત્યાદિ ... ૨–૦

રામાયણ

ગિરધરકૃત રામાયણ–કવિ ગિરધરદાસકૃત રાગ–રાગણીમાં ૪–૮
તુલસીકૃત રામાયણ–બે ભાગમાં, દુહા–ચોપાઈ
ગુજરાતી લિપિમાં અર્થ સાથે (૩૨ ચિત્રો) ... ૮–૦
તુલસીકૃત રામાયણ–ભાગ ૨જો–આવૃત્તિ ૭મી ... ૩–૦
વાલ્મીકિ રામાયણ–નવી આવૃત્તિ છપાશે.
" "– ભાગ બીજો (આવૃત્તિ ત્રીજી છૂટક મળશે.) ૩–૦

સ્વ૦ પઢિયારકૃત પુસ્તકો

સ્વર્ગનું વિમાન–ભક્તિમાર્ગના ટૂંકા કરપ રમૂજી દા. ૨–૦
સ્વર્ગની કૂંચી–સદ્વર્તન રાખતાં શીખવનારું પુસ્તક ૨–૦
સ્વર્ગનો ખજાનો–પરમાર્થનો માર્ગ–દૃષ્ટાંતો સાથે ૨–૦
સ્વર્ગનો પ્રકાશ–જ્ઞાન અને પરમાર્થ સંબંધી વાતો ૨–૦
સ્વર્ગની જિંદગી–કંગાળ મનોદશા માટે ભોમિયારૂપે ૨–૦
સ્વર્ગનો આનંદ–ભક્તિના અનેક પ્રકારો ને તેમની સમજ ૨–૦
સ્વર્ગની સીડી–મોક્ષમાર્ગનાં ૧૨ પગથિયાંની સમજ ૨–૦
સ્વર્ગની સડક–સ્વર્ગપ્રાપ્તિ માટેનો રસ્તો બતાવનાર ૨–૦
સંસારમાં સ્વર્ગ–સંસારને સ્વર્ગરૂપ બનાવનારું પુસ્તક ૨–૦
સાચું સ્વર્ગ–ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતો ... ૨–૦

ભગવદ્ગીતાઓ

પુરુષાર્થબોધિની ગીતા–બે ગ્રંથોમાં. પદચ્છેદ, અર્થ
અને વેદવેદાંતનાં દૃષ્ટાંતો સહિત પં. સાતવલેકર-
જીની પુરુષાર્થબોધિની ટીકા સાથે: ... ૧૦–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રીજ્ઞાનસત્ર ગીતા–મૂળ શ્લોકો, ગુજરાતી પદચ્છેદ તથા શબ્દોના અર્થ સાથે... ... ૧–૪

શ્રીજ્ઞાનસત્ર ગીતા–ગુજરાતી લિપિમાં, ગીતાના શ્લોકો, પદચ્છેદ તથા દરેક શબ્દના અર્થ સાથે ... ૧–૪

શ્રીમદ્ ભગવદ્‌ગીતા–મોટા અક્ષરમાં સરળ અર્થ સાથે ૦–૧૨

શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્‌ગીતા–જ્ઞાનેશ્વર મહારાજે રચેલી અનેક દાખલા–દૃષ્ટાંતોથી ગીતા સમજાવતી 'ભાવાર્થ-દીપિકા' નામની ટીકા, સરળ અર્થ સાથે ... ૪–૦

શ્રીમદ્ ભગવદ્‌ગીતા–સરળ ભાષાંતર સાથે ગુટકા કદની ૦–૮

(સંસ્કૃતમાં પાઠ કરનારા માટે)

भगवद्गीता मूळ-मूळ-

મોટા અક્ષરમાં ... ૦–૧૦ | મધ્યમ અક્ષર ... ૦–૫

पंचरत्न भगवद्गीता मूळ-मूळ-

મોટા અક્ષરમાં ... ૦–૧૪ | મધ્યમ અક્ષર ... ૦–૮

જીવનચરિત્રો

ભિક્ષુ અખંડાનંદ–પ્રેરણાદાયી વિસ્તૃત ચરિત્ર ... ૩–૦

સ્વામી આત્માનંદ સરસ્વતી–સંક્ષિપ્ત જીવનચરિત્ર તથા ઉપદેશો ૧–૮

મહર્ષિ દયાનંદ–વિસ્તૃત ચરિત્ર ૧–૮

સાઇબાબા–શિરડીના પ્રખ્યાત સંત ૩–૦

સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર, ઉપદેશો સાથે ... ૩–૦

ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથોમાં, વિસ્તૃત ચરિત્ર ... ૬–૮

જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ– ... ૨–૮

રામકૃષ્ણ પરમહંસ ૨–૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદ ૩–૦
સંત તુકારામ–મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંત ... ૨–૮
સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને શિવાનંદજી ૧–૬
શ્રીરામચંદ્ર દત્ત ને નાગ મહાશય ૧–૦
મહાત્મા સરયૂદાસજી, ભૂધર ભક્ત ને જાનકીદાસજી ૦–૧૦
ભક્તચરિત્ર–નાભાકૃત ભક્તમાળમાં નહિ આવેલાં ચરિત્રો ૨–૮
આદર્શ ચરિત્રસંગ્રહ–૭૦ ટૂંકાં ચરિત્રો ૨–૮
ભારતના વીર પુરુષો–૪૦ ઐતિહાસિક વીર પુરુષો... ૧–૪
વીર દુર્ગાદાસ અથવા **મારુ સરદારો**–મારવાડના રજપૂતયુગના નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત ... ૧–૦
મુસ્લિમ મહાત્માઓ–૯૬ મુસ્લિમ સૂફી સંતોનાં ચરિત્રો–દરેક સંતના ઉપદેશ સાથે ૨–૪

સંતવાણી, ભજનો

કર્મગાથા–કર્મની શ્રેષ્ઠ ભાવના સૂચવતો કાવ્યસંગ્રહ ૧–૦
પરિચિત પદસંગ્રહ–પસંદ કરી ચૂંટેલાં ૬૯૭ ભજનો ૧–૧૨
મીરાં ને નરસિંહ–સં૦ : ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ દિવેટિયા : પસંદ કરેલાં ૧૯૩ ભજનો તથા પદો ૦–૧૨
અખાની વાણી–અઘરા શબ્દોના અર્થ સાથે ૩–૦
પ્રીતમદાસની વાણી–ઘોળ, છપ્પા, કક્કા, મહિના ઇત્યાદિનો સૌથી મોટો ને સસ્તો સંગ્રહ ... ૨–૮
દીવાને સાગર–સંત સાગરકૃત ૪–૮
તુકા મ્હણે–પસંદ કરેલા અભંગોનો સંગ્રહ, મરાઠીમાં ૦–૫

સ્ત્રી તથા બાળોપયોગી ગ્રંથો

ઓખાહરણ–(કાવ્ય) મહાકવિ પ્રેમાનંદકૃત ... ૦–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો–સ્ત્રીઓની કેળવણી, લગ્ન, વારસાહક્ક, ગામડાંની સ્ત્રીઓનો પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ ઇ૰ સં૰ લેડી વિદ્યાગૌરી ૧–૮

કલ્યાણમયી–સ્ત્રી ઉપયોગી વાર્તાપુસ્તક (આ. બીજી)... ૧–૦

શ્રીશારદામણિ દેવી–(ચરિત્ર) લે૰ આનંદ ચૈતન્ય ... ૦–૮

બાલભારત–(સચિત્ર)–સંક્ષિપ્ત મહાભારત ... ૧–૮

ટૂંકી વાતો–ગ્રંથ ૧લો–સામાજિક નિર્દોષ ૬૬ વાર્તાઓ ૨–૮

,, –**૨જો**–કુટુંબ માટે ઉપયોગી ૫૭ ,, ૨–૮

,, –**૫મો**–સ્ત્રીપુરુષને ઉપયોગી ૫૬ ,, ૨–૮

,, –**૬ઠ્ઠો**–સર્વ માટે ઉપકારક ૮૬ ,, ૨–૮

બિરબલ અને બીજા–લે૰ જ્યોતીન્દ્ર દવે : બાદશાહ અને બિરબલની તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ ૧–૮

આદર્શ દૃષ્ટાંતમાળા–ભાગ ૧,૨ : મહાપુરુષોનાં ચરિત્રો પરથી ૮૧૯ બોધક દૃષ્ટાંતોનો સંગ્રહ ૪–૦

સદ્‌ગુણી બાળકો–૬૯ ખરા બનાવોનો સંગ્રહ ... ૦–૮

બાળસદ્‌બોધ–(સચિત્ર) વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ... ૦–૮

સુબોધક નીતિકથા–બાળોપયોગી ૧૫૨ બોધપ્રદ વાતો ૦–૮

બાળકોની વાતો–ભાગ ૧લો : બોધપ્રદ ૨૧ વાતો ૦–૬

,, –ભાગ ૨જો : બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ ૦–૮

ગુલિસ્તાઁ (સુબોધપુષ્પવાટિકા)-મહાત્મા શેખસાદીકૃત ૦–૫

પ્રકીર્ણ સાહિત્ય

ખેતીનાં મૂળ તત્ત્વો–ભાગ ૧ લો (જમીન, પાણી ને ઓજાર વિશે) ૧–૦

,, ,, –ભાગ ૨ જો (ખેડ, ખાતર ને બીજ) ૧–૦

સુવર્ણયુગ-શ્રી. કનૈયાલાલ મુનશીના લેખોનો સંગ્રહ ૦–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મનિરીક્ષણ ને સંકલ્પ–રમણલાલ વ૦ દેસાઈ: ૧–૦

ગુજરાતની ગઝલો–(દી. બ. કૃષ્ણલાલ ઝવેરી સંપાદિત) જુદીજુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ ૧–૦

કચ્છની લોકવાર્તા–ડુંગરશી ધરમશી સંપટકૃત કચ્છ દેશની રજપૂતયુગની ઘટનાઓ આલેખતો ગ્રંથ ૨–૦

સાહિત્યપ્રારંભિકા–લે૦ હિંમતલાલ ગ૦ અંજારિયા: શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપયોગી ૧–૦

સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો–૮૫ બોધક પત્રો ૧–૪

જીવનસંગ્રામ–નંદલાલ શાહ: ૦–૮

ભારતીય સંસ્કૃતિ–શ્રી. મુનશીના લેખોનો સંગ્રહ ૦–૧૨

ચેતના અને પ્રેરણા

ગ્રામરચના–રવિશંકર મહારાજ ૧–૪

અંતરની વ્યથા–લે૦ સોપાન–હૃદયના ઊંડાણમાંથી ભભૂકતી સાચી પાંચ જીવનકથાઓ ૧–૪

સુબોધકથાસાગર–બોધદાયક ૫૦૫ દૃષ્ટાંતોનો સંગ્રહ ૨–૦

આગળ ધસો–'પુશિંગ ટુ ધ ફ્રન્ટ'નું ભાષાંતર (આ. ૩જી) ૨–૮

સુખી જીવનનાં સાધન–વ્યાવહારિક સુખ મેળવી આનંદી જીવન ગાળવા ઉત્સાહ પ્રેરતું પુસ્તક ૧–૮

કતલખાનું–શ્રમજીવીઓનાં અનેકવિધ દુઃખોનો તાદૃશ ચિતાર રજૂ કરતી નવલકથા (અપ્ટન સિંકલેરકૃત) ૩–૦

શુભસંગ્રહ–(ભાગ ૨ ને ૯) ૨ ગ્રંથોમાં–ઘરગથ્થુ દવાઓ તથા ઉપયોગી માહિતીના ૩૧૩ લેખોનો સંગ્રહ ૫–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આરોગ્ય અને વૈદક

ખોરાકના ગુણદોષ (આયુર્વેદની દૃષ્ટિએ)-લેખક: ડૉ. રસિકલાલ પરીખ : આપણા રોજના ખોરાક માટે માર્ગદર્શન આપતું પુસ્તક ૦–૧૦

ઔષધિ-કલ્પલતા-જડ અને હઠીલા રોગો ઉપર ૪૩ વનસ્પતિઓના સેવન વિષે સમજૂતી ૦–૧૨

આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ—અનેક વનસ્પતિઓના ગુણદોષ તથા તેમના ઉપયોગ, તેમ જ રોગો, તેમનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ ૬–૦

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન-મ૦ ગાંધીજીકૃત : શરીરરચના, હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં ઇ. વિષે ૦–૮

વૈદક સંબંધી વિચારો-ભા. ૨ જો-આરોગ્ય અને વૈદકના ઉપયોગી ૨૯૧ લેખોનો સંગ્રહ ... ૧–૧૨

આયુર્વેદ નિબંધમાળા-ભાગ ૧લો તથા ૨જો : વૈદ્ય તિલકચંદ તારાચંદકૃત: આયુર્વેદ પ્રમાણે અનેક રોગો, તેમનાં લક્ષણો, કારણો અને તેમના સચોટ ઉપચારો બતાવતા બે ગ્રંથો... ... ... ૪–૪

વધુ વિગત માટે વિસ્તૃત સૂચિપત્ર મંગાવો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, અમદાવાદ   કાલબાદેવી રોડ, મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

આમ સાહિત્યશ્રેણી

જ્ઞાન–ચારિત્ર્ય–વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય એવું સાહિત્ય જૂજ કિંમતમાં આપવાના ઉદ્દેશથી આ શ્રેણી શરૂ કરવામાં આવી છે. સુખી ગૃહસ્થોની જેમ ગરીબ પણ સંસ્કારી વર્ગ પોતાની ગુંજાશ પ્રમાણે સારાં પુસ્તકોની નાની શી લાયબ્રેરી ઘરમાં વસાવી શકે એવો આશય છે.

આ શ્રેણીમાં દર મહિને નવાં ઉપયોગી પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. હાલ (જાન્યુઆરી ૧૯૪૮ સુધીમાં) નીચે પ્રમાણે પુસ્તકો મળે છે:–

ધર્મ અને તત્ત્વજ્ઞાન

નીતિશતક (શ્રી ભર્તૃહરિકૃત)-સરળ અનુવાદ સાથે ૦–૩

વૈરાગ્ય શતક ,, ,, ,, ,, ૦–૪

ભક્ત સૂરદાસનાં પદો–ટૂંકા જીવનચરિત્ર સાથે ... ૦–૪

ધીરા ભગતનાં પદો–સં૦ ડુંગરશી ધરમશી સંપટ:
પ્રાચીન ગુજરાતી કવિ ધીરાનાં ભક્તિકાવ્યો ... ૦–૪

ભોજા ભગતના ચાબખા–સં. ,, ,, ,, ૦–૬

શિવમહિમ્નઃ સ્તોત્રમ્–મૂળ શ્લોક, અન્વય, અર્થ અને
ટિપ્પણ સહિત ૦–૩

કણ્ઠાભરણમ્–પ્રાર્થનામંત્રો–શ્લોકો (અર્થ સાથે) ... ૦–૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રમણ, નારદ ને પાંડુ ઝવેરી–એક બોધક વાર્તા ... ૦–૩
તંત્રની સાધના–લે૦ આચાર્યશ્રી ક્ષિતિમોહન સેન: ૦–૪
ઉત્તરગીતા–મૂળ શ્લોકો સાથે ભાષાંતર ૦–૬
ગીતાસાર–કાકા કાલેલકર: ગીતાનું સંક્ષિપ્ત દોહન ૦–૪
ગીતાપોથી–ગીતામાંથી ચૂંટેલા કર્મયોગના ૧૨૫ શ્લોકો અર્થ સાથે ૦–૬
ગીતાસંકલન–સં૦ રમણ મહર્ષિ : ૦–૩
પ્રેમપંથ–(૧) ગાંધીજી: ૦–૩
મણિરત્નમાળા–શ્રીશંકરાચાર્ય વિરચિત સરળ અર્થ સાથે ૦–૧ાા
જ્ઞાન અને કર્મ–સ્વામી અદ્વૈતાનંદ: ૦–૩
પરમ પુરુષાર્થ– ,, ,, ,, ... ૦–૬
આર્ય, બૌદ્ધ અને જૈન ધર્મના મૂળ સિદ્ધાંતોનો સમન્વય–પં. બેચરદાસ દોશી: ૦–૩
નારદનાં ભક્તિસૂત્રો–સરળ અર્થ સાથે મૂળ શ્લોકો... ૦–૩
જ્ઞાનનાં ઝરણાં–સ્વામી માધવતીર્થ : ૦–૩
વિચારસૂર્યોદય– ,, ... ૦–૩
ધ્યાન અને જ્ઞાન– ,, ... ૦–૩
શ્રીમદ્ ભગવદ્ગીતા–૧૨મો તથા ૧૫મો અધ્યાય ... ૦–૩
રામકૃષ્ણવાર્તાલાપ–બોધક પ્રસંગો ૦–૬
શ્રીરામકૃષ્ણઉપદેશ–ટૂંકા અને સચોટ ઉપદેશો ... ૦–૫
ઉચ્ચ જીવન–ડૉ. હરિપ્રસાદ વ્ર૦ દેસાઈ: (આ. ૫મી) ૦–૩
મદાલસા અને અલર્ક–ચરિત્ર સાથે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ ૦–૫

ચરિત્રો ને પ્રસંગ-ચિત્રો

પ્રેમપંથ (૨) ગાંધીજી: ૦–૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુદામાચરિત્ર–મહાકવિ પ્રેમાનંદકૃત ૦–૩
ભક્ત રોહિદાસ–ચરિત્ર ૦–૩
શ્રીરામકૃષ્ણ પરમહંસ–(કિશોરો માટે) ૦–૬
સ્વામી રામતીર્થ–કિશોરો માટે સંક્ષિપ્ત જીવનવૃત્તાંત ૦–૪
સતી સાવિત્રી–સત્યવાન ને સાવિત્રીની કથા ... ૦–૩
જેસલ અને **તોરલ** તથા **જાલંધર** ને **ગોપીચંદ**–
લે૦ સ્વ૦ 'કલાપી' : બે સંવાદો (આવૃત્તિ બીજી) ૦–૩
મેનાવતી ને **ગોપીચંદ** તથા **ભર્તૃહરિ** ને **વિક્રમ**–
લે૦ સ્વ૦ 'કલાપી' : બે સંવાદો (આવૃત્તિ બીજી) ૦–૩
ભક્તરાજ હનુમાન–ટૂંકું ચરિત્ર ૦–૬
શ્રીમત્ શંકરાચાર્ય (સચિત્ર)–લે૦ પુરાતન બુચ : ... ૦–૩
શ્રીતૈલંગસ્વામી, વિશુદ્ધાનંદ ને પૌહારીબાબાનાં ચરિત્રો ૦–૪
બાળકોના વિવેકાનંદ–બાળોપયોગી ટૂંકું ચરિત્ર ... ૦–૪
ભગવાન બુદ્ધ–(સચિત્ર) પુરાતન બુચ : ૦–૪
અબજી બાપા–એક આદર્શ સંત ૦–૪
સંત કબીર–બોધદાયક ચરિત્ર–પુરાતન બુચ : ... ૦–૩
નાનભટ્ટ બાપા– એક આદર્શ વૈદ્ય (આવૃત્તિ બીજી) .. ૦–૩

વાર્તાઓ–નાટકો

દુષ્યંત ને શકુંતલા અને બીજી વાતો ૦–૬
ધાવણની ધાર ને બીજી વાતો–લે૦ ચુનીલાલ મડિયા : ૦–૩
કાળમુખી ને બીજી વાતો–લેખક ,, ,, ૦–૩
સમ્રાટ શ્રેણિક અને **દેવી નંદા**—બે નાટિકાઓ ... ૦–૩
કેરીની મોસમ–લે૦ 'શયદા' : ૭ રસભરી વાર્તાઓ ૦–૫
અણોજો અને **નવું રેલવે સ્ટેશન**–ચુનીલાલ વ૦ શાહ : ૦–૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનો મર્મ–લે૦ સોપાન ૦–૬
નવજવાન–લે૦ ,, ... ૦–૪
અહિંસાનું રહસ્ય–લે૦ ,, ... ૦–૪
એ વૃદ્ધ પુરુષ!–લે૦ ,, ... ૦–૪
આશાને અજવાળે–લે૦ ,, ... ૦–૪

કાવ્ય

જયભારતી–(શ્રી. 'રાયદા' કૃત) ભારતની ચડતીપડતીનું દિગ્દર્શન ૦–૬
શ્રીમંતોનો સડો–(કટાક્ષ) લેખક: ઈશ્વર પેટલિકર ૦–૪

આરોગ્ય ને વૈદક

સોનેરી સૂચનો–(આરોગ્યરક્ષા માટે આયુર્વેદસિદ્ધ) લે૦ ડૉ. રસિકલાલ પરીખ: ૦–૬
ક્વાથ–ઔષધિ–સો ઉપયોગી ક્વાથોની વિધિ ... ૦–૬
હરડે–(સચિત્ર સુધારાવધારા સાથેની બીજી આવૃત્તિ) ૦–૬
ચૂર્ણ–ઔષધિ–સો ઉપયોગી ચૂર્ણોની વિધિ ... ૦–૩
પાક–ઔષધિ–ઉપયોગી ૮૦ પાકો ૦–૬
માંદાનો આહારવિહાર–(આયુર્વેદ પદ્ધતિએ કરેલું માર્ગદર્શન) ૦–૩

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, અમદાવાદ અને કાલબાદેવી રોડ, મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ગુરુકુલ કાંગડી.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ટાઇટલ પાન રજાનું ચાલુ]

૭. ઇતિહાસને અજવાળે : (સચિત્ર) લે૦ : ઇંદ્ર વસાવડા
 * ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા
૮. ગામડું બોલે છે : (સચિત્ર) લે૦ શ્રી. ચુનીલાલ મડિયા
 * હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન
૯. ગૃહજીવનની કલા : (સચિત્ર) લે૦ 'સમાજશાસ્ત્રી'
 * ઘરમાં સુખ ને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો
૧૦ ગૃહજીવનનાં દશ્યો : (સચિત્ર) લેખિકા : શ્રી. કુમુદ શેઠ
 * આપણાં ગૃહકુટુંબનાં સાચાં શબ્દચિત્રો
૧૧. મારો ભારત દેશ : (સચિત્ર) લે૦ કાન્તિલાલ પરીખ
 * ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય
૧૨. આરોગ્યસાધના : લે૦ ડુંગરશી ધરમશી સંપટ
 * આરોગ્યના સંરક્ષણ અંગે માર્ગદર્શન
૧૩. ભગવાનનાં છોરુ : (સચિત્ર) લેખક : પુરાતન બુચ
 * હરિજનોના જીવન-પ્રસંગોનો હૂબહૂ ચિતાર
૧૪. સાહસકથાઓ : લે૦ રમણીક અરાલવાળા
 * લોકકલ્યાણ અર્થે સાહસ કરનાર વીરોની કથાઓ
૧૫. ગુજરાતના સેવકો : લે૦ ચન્દ્રકાન્ત શાહ
 * ગુજરાતના ૪ મૂક સેવકોનાં જીવનચરિત્રો
૧૬. પટલાઈના પેચ ભા. ૧લો : લે૦ ઈશ્વર પેટલીકર
 * સામાજિક કુરૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત
૧૭. પટલાઈના પેચ ભા. ૨જો : લે૦ ઈશ્વર પેટલીકર
 * સામાજિક કુરૂઢિઓ પર વેધક દૃષ્ટિપાત
૧૮. ગીતહોરી અને બીજાં નાટકો : લે૦ સુરેશ ગાંધી
 * તખ્તાલાયકીવાળાં પાંચ ગીત-નાટકોનો સંગ્રહ

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે, પોસ્ટ બૉક્સ નં. ૫૦, અમદાવાદ અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल काँगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય એટલે ઊંચામાં ઊંચું સાહિત્ય'

મહાભારત

દળદાર સાત ગ્રંથોમાં

ઇતિહાસ, પુરાણો, ધર્મશાસ્ત્રો વગેરેમાં જે કંઈ છે, તે બધું આ ગ્રંથમાં જ છે; માટે આજે જ વસાવી લો.

પાન ૫૨૦૦ : ચિત્રો ૨૮ : પાકાં પૂંઠાં : રૂ. ૪૫)

ભગવદ્‌ગીતા

પં. સાતવલેકરજીની વેદ–ઉપનિષદના મંત્રોનો પૂરેપૂરો સમન્વય દેખાડતી

શ્લોક, અન્વય, અર્થ. પુરુષાર્થબોધિની ટીકા સાથે.

દળદાર ત્રણ ગ્રંથોમાં, પાન ૧૧૦૦ રૂ. ૧૦)

ભારતની દેવીઓ

ત્રણ ગ્રંથોમાં

રૂ. ૯)

સતયુગથી આજ સુધી ઐતિહાસિક કાળમાં થઈ ગયેલી સતી સાધ્વીઓનાં બોધપ્રદ ૫૨૯ ચરિત્રોનો સૌથી સસ્તો ને મોટો સંગ્રહ.

ઉપનિષદો

ત્રણ ગ્રંથોમાં–મૂળ સાથે સરળ ભાષાંતર

૧. એકાદશ ઉપનિષદ: પાન ૪૫૨, રૂ. ૨॥

૨. બૃહદારણ્યક ઉપનિષદ: ૨૪૮, રૂ. ૧॥

૩. સો ઉપનિષદો: જેમાંનાં ૨૮ ઉપનિષદોનું મૂળ સાથે સરળ ભાષાંતર આપ્યું છે ને બાકીનાં ૭૨નું માત્ર ભાષાંતર સારરૂપે આપ્યું છે. પાન : ૭૪૪ રૂ. ૪)

પ્રીતમદાસની વાણી

પાન ૫૬૦ : ૨–૮–૦

બોધદાયક ભજનો, ઘોળ, ગરબા, ગરબી, સાખી, છપ્પા, કક્કા, મહિના, તિથિઓ અને વારનો સૌથી મોટો સંગ્રહ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar